સુવિચાર
મા અને પત્નીને સંતોષ થાય એવો વચલો માર્ગ કાઢવામાં ગૃહસ્થીએ કચાશ ન રાખવી.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૪/૦૮/૨૦૨૪, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૦ અષાઢ વદ-અમાસ વર્ષ : ૧૫ અંક : ૨૦૦

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

ફ્રી નિદાન કેમ્પ
મગજ,કરોડરજ્જુ, મણકાના દર્દીઓ માટે
કયા દર્દીઓ લાભ લઈ શકે.
■ મગજ,કરોડરજ્જુ, મણકાના રોગો
■ પક્ષઘાત, આંચકી
■ મણકામાં ગાદી ખસી જવી
■ નસ પર દબાણ આવવુ
■ હાથ-પગમાં ખાલી ચડવી, સાયટીકા
■ અકસ્માતમાં મગજ-કમરમાં થયેલ ઈજા
ડો. લાલજી માંગુકીયા
(એમસી.એચ.)
કન્સલ્ટન્ટ ન્યુરોસર્જન
તારીખ :૦૬-૦૮-૨૦૨૪,મંગળવાર
સમય : સવારે 10:30 થી 1:00 સુધી
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,૯૯૭૮૨ ૨૩૦૦૦
ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૯૩૦૦૦

## માનવ સમાજનાં ઈતિહાસમાં સામાજિક ક્ષેત્રે મહિલાઓનું અમૂલ્ય યોગદાન

# કોઈપણ સફળ પુરૂષની પાછળ મહિલાની ભૂમિકા અગત્યની છે

**અમરેલી ખાતે મહિલાઓ માટે સ્વરોજગાર મેળો, સાહસિક મહિલાઓનું સન્માન સહિતનો કાર્યક્રમ યોજાયો**

**સરકારની વ્હાલી દીકરી યોજના અન્વયે લાભાર્થીઓને મંજૂરી હુકમ એનાયત**

**દરેક ક્ષેત્રમાં મહિલાઓ આગળ વધી રહી છે મહિલાલક્ષી યોજનાનો લાભ પણ મહિલાઓને મળશે**

**સાવરકુંડલા-લીલીયા વિસ્તારનાં ધારાસભ્ય મહેશ કસવાલાની ઉપસ્થિતિમાં કાર્યક્રમ સંપન્ન**



અમરેલી, તા. ૩

ગુજરાત રાજય સરકારના મહિલાઅને બાળ વિકાસ વિભાગ દ્વારા આયોજિત નારી વંદન ઉત્સવ નિમિત્તે અમરેલી સ્થિત શ્રી ખેડાવાળ બ્રાહ્મણ સમાજની વાડી ખાતે મહિલા સ્વાવલંબન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. મહિલાઓને રોજગારીના અવસરો પ્રાપ્ત થાય તે માટે સ્વરોજગાર મેળો યોજાયો હતો, સાથે ઉદ્યોગ ક્ષેત્રે સાહસિક અને સફળ મહિલાઓનું સન્માન કરવામાં આવ્યુ હતુ.

ઉલ્લેખનીય છે કે, ઓગષ્ટ માસમાં પ્રથમ અઠવાડિયામાં નારી વંદન ઉત્સવ અંતર્ગત વિવિધ મહિલા કેન્દ્રિત દિવસની ઉજવણીના ભાગરૂપે તાલુકા-જિલ્લાકક્ષાએ વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. કાર્યક્રમમાં મહિલાઓને રાજય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ વિષયક વિગતો અને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. ઉપરાંત ગુજરાત સરકારની વ્હાલી દીકરી યોજના અન્વયે લાભાર્થીઓને

અનુસંધાન પાના ૬ ઉપર

### લગ્નનાં ૧૪ વર્ષ બાદ સંતાન ન હોવાથી દુઃખી બનીને

# બાબરાનાં નવાણીયા ગામનાં ૪૮ વર્ષિય પ્રૌઢે ઝેરી દવા પી અંતિમવાટ પકડી

**નાના એવા ગામમાં શોકનો માહોલ**

અમરેલી, તા. ૩, બાબરા તાલુકાના નવાણીયા ગામે રહેતા ગેતમભાઈ હરીભાઈ વ્યાસ નામનાં ૪૮ વર્ષિય આધેડના લગ્નનો ૧૪ વર્ષનો સમયગાળો થઈ ગયેલ હોય તેમ છતાં તેમને કોઈ સંતાન નહોય. જે વાતનું મનમાં લાગી આવતા ગત તા.૨ના ૧૦:૩૦ વાગ્યાના અરસામાં પોતે પોતાની મેળે ઝેરી દવા પી જતા મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### નરેશ ઉર્ફે મેતર મધુભાઈ નામના ઈસમનું કારસ્તાન

# અમરેલીનાં લીલાનગરમાં એક શખ્સ તરૂણીની આબરૂ લેવા રાત્રિનાં ઘરમાં ઘુસ્યો

**ભોગ બનનાર જાગી જતાં આરોપી ભાગી છુટયો**

મકાન વેચવાનું છે...
નીચે બે રૂમ, રસોડુ, સંડાસ, બાથરૂમ, ફળીયું ઉપર એક રૂમ રસોડુ, આગળનાં ભાગમાં ખુલ્લી અગાસી
ચકકરગઢ રોડ, ઘનશ્યામનગર, પ્રકાશ મંડળવાળી શેરી
સંપર્ક : ૯૭૧૨૧ ૮૩૦૧૧/૯૪૨૮૭ ૯૫૪૭૦

અમરેલી, તા. ૩

અમરેલીના સાવરકુંડલા રોડ ઉપર આવેલ લીલાનગર, પાણીના ટાંકા પાસે, રહેતા આરોપી નરેશ ઉર્ફે મેતર મધુભાઈ વાઘેલાએ ગત તા. ૧ ના રાત્રીના ત્રણથી સાડા ત્રણ વાગ્યાના સમયે અમરેલીમાં રહેતી એક ૧૩ વર્ષ તરૂણીની આબરૂ લેવાના ઈરાદે, ભોગ બનનારના ઘરના તુટેલ દરવાજામાંથી રાત્રી દરમ્યાન ગૃહ પ્રવેશ કરી, તરૂણીના ગાલ પર હાથ ફેરવી જાતિય સતામણી કરતો હોય. ત્યારે આ ભોગ બનનાર જાગી જતા તેણી

અનુસંધાન પાના ૬ ઉપર

### પાલીકાનાં ચીફ ઓફિસરે સંચાલકને નોટિસ પાઠવી

# અમરેલીની શાંતાબા મેડિકલ કોલેજનાં સંચાલકોને ગેરકાયદેસર દબાણ હટાવી લેવા તાકીદ

**જો કે છેલ્લા ૩ મહિનાથી સંચાલક દબાણ દુર કરતા નથી**

અમરેલી, તા. ૩

અમરેલીનાં ચીફ ઓફિસરે શાંતાબા મેડિકલ કોલેજનાં સંચાલકને ૩ મહિના પહેલા નોટિસ પાઠવીને ગેરકાયદેસર દબાણ હટાવી લેવાની તાકીદ કરી હજુ સુધી દબાણ દૂર થયું નથી.

નોટિસમાં જણાવે છે કે નોટીસમાં જણાવેલ છે કે તમો દ્વારા સિવિલ હોસ્પીટલ કેમ્પસ ખાતે મેડીકલ કોલેજ તથા તેને લગતા બાંધકામ કરવામાં આવી રહયા છે. તમો એ ગુજરાત હાઉસીંગ બોર્ડ સોસાયટીના પાણીના ટાંકા પાસે ગેરકાયદેસર દરવાજો મુકી રસ્તો બંધ કરેલ છે.

અનુસંધાન પાના ૬ ઉપર

Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો,જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
● ઉદાસી રોગ
● મરવાના વિચાર આવવા
● વિચારવાયુ
● વહેમ, શંકા
● મંદબુધ્ધિ બાળકોની સારવાર
● ચિંતા - ટેન્શન
● માથાનો દુઃખાવો
● જાતિય રોગો
● વ્યસનમુકિત : દારૂ,બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિધા ઉપલબ્ધ...

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

'જય નાગનાથ' 'જય ત્રંબકેશ્વર'
સદાશિવ ભોળાનાથની આરાધના માટેનાં પવિત્ર શ્રાવણ માસ નિમિતે દરેક શિવ ભકતોને
ઉકાણી પરિવાર તેમજ રાધિકા મહિલા મંડળના જય નાગનાથ સહ જયત્રંબકેશ્વર...
હર હર મહાદેવ.... મહાદેવ
શૈલેષ નાથાલાલ ઉકાણી
પ્રજ્ઞા શૈલેષ ઉકાણી
કિરણ શૈલેષ ઉકાણી
ધરમ શૈલેષ ઉકાણી
રાધિકા મહિલા મંડળ તેમજ તમામ મહિલાઓ
શ્યામનગર-૧/૨, રઘુનાથ સોસાયટી,હરિવિહાર અમરેલી

## ભાજપનાં રાજમાં જાણે ભ્રષ્ટાચાર એ શિષ્ટાચાર બની ગયો છે

# ભાજપે ભ્રષ્ટાચારની સીસ્ટમ પાલિકાઓમાં લાગુ કરી હોવાનો આક્ષેપ

**ભ્રષ્ટાચારનાં ચક્રવ્યુહનાં કારણે મોરબી પુલકાંડ, રાજકોટનો ટીઆરપી કાંડ સહિતની કરૂણાંતીકાઓમાં ગુજરાતીઓએ જીવ ગુમાવ્યા**

**રાજયનાં અધિકારીઓ અને પદાધિકારીઓ જનહિતમાં કોઈ નિર્ણય કે કાર્ય કરતાં જોવા મળતા નથી**

**રાજયભરનાં સેવાસદનો ભાજપ માટે મેવા સદન બની ગયા હોય તેવો માહોલ**

**વિધાનસભા કોંગ્રેસ પક્ષનાં ઉપ નેતા શૈલેષભાઈ પરમારે પત્રકાર પરિષદમાં શાબ્દિક પ્રહારો કર્યા**

અમદાવાદ, તા. ૩

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતા શૈલેશભાઈ પરમારએ જણાવ્યું હતું કે, રાજયમાં છેલ્લા ૩૦ વર્ષથી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા અને મનપામાં ભાજપનું રાજ છે. ભાજપ રાજમાં જાણે ભ્રષ્ટાચાર એ શિષ્ટાચાર બની ગયો છે. ભયમુકત ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. ભ્રષ્ટાચારના ચક્રવ્યૂહને કારણે મોરબી પુલ કાંડ, હરણીબોટ કાંડ, તક્ષશિલા કાંડ અને રાજકોટનો ટીઆરપી કાંડ સહિતની કરૂણાંતિકાઓ કેટલાય ગુજરાતીઓ પોતાનો જીવ ગુમાવ્યો છે. ગુજરાતના સેવાસદનોઆજેભાજપમાટેમેવાસદનો બન્યા છે ભાજપ સરકાર દાવા કરે છે કે કોઈ મોટી માછલીઓ, મગરમચ્છ કે ચમરબંધીને છોડવામાં નહીં આવે પરતું ભાજપ સાગઠીયા અને ભોજકને પકડે અનેમોટાએનાકોન્ડા, વ્હેલમાછલીઓને કયારે પકડશે ? તે ગુજરાતીઓ જાણવા માંગે છે. ગુજરાતમાં અત્યારે બાબુ અને અધિકારીઓનુંરાજછે. જયારે જનતાના હક્ક અધિકાર માટે કોંગ્રેસ પાંડવો બની વિરોધપક્ષની ભુમિકા ભજવી રહી છે. કોઈપણ ઘટના બાદ રાજય સરકાર એસઆઈટીનીરચનાકરેછે. પરતુંઆજ સમિતિઓ તેમના માટે છટકબારી જેમ બની છે. હરણી બોટ કાંડમાં કોર્ટે બે અધિકારીઓ સામે ખાતાકીય તપાસ અને શિક્ષાત્મક કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો તેમ છતાં અત્યાર સુધી ભાજપ સરકારે કેમ પગલાં ન લીધા? શું ભાજપ સરકાર અને અધિકારીઓ પોતાને હાઈકોર્ટથી ઉપર માને છે ? ભાજપનાં રાજમાં ખાણ–ખનીજ, મહેસુલ, ગૃહ, આરોગ્ય, શિક્ષણ સહિતના તમામ વિભાગોમાં ભયમુકત ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે. કોંગ્રેસ તો વિપક્ષમાં છે અને વિરોધ કરે છે પણ ભાજપના હોદ્દેદારો, ધારાસભ્યો, સાંસદો, નેતાઓ દ્વારા મુખ્યમંત્રીને અધિકારીરાજ અંગેની મુશ્કેલીઓ બાબતેવારંવાર પત્ર લખીવિરોધ કર્યોછે. ગુજરાતના ભાજપના ચુંટાયેલા પ્રતિનિધિઓનું પણ અધિકારીઓ સાંભળતા નથી. ત્યારે ભ્રષ્ટાચારને ડામવા અને સરકારને દુર કરવા કોંગ્રેસ પાંડવોની ભૂમિકામાં આવી છે. કોંગ્રેસ પક્ષ માંગ કરે છે કે આવનાર ગુજરાત વિધાનસભા સત્રમાં ઉચ્ચ અધિકારીઓ, ચુંટાયેલા નેતાઓ, પ્રતિનિધિઓ સામે ભ્રષ્ટાચાર નિવારણ અંગે કડક કાયદો બનાવવમાં આવે. ભાજપના ભ્રષ્ટાચારના કારણે મૃત્યુ પામેલા ગુજરાતીઓને ન્યાય આપવા માટે તારીખ ૯ ઓગષ્ટે મોરબીથી ગાંધીનગર સુધી ન્યાય પદયાત્રા કરવામાં આવશે સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષલાલજીભાઈ દેસાઈની આગેવાનીમાં ૧૦૧ પદયાત્રીઓ જોડાશે અને ગુજરાતમાં જુદાજુદા કાંડના પીડિતોના સગા–સંબધીઓ પણ આ પદયાત્રામાં જોડાશે.

ભ્રષ્ટાચારના આરોપ બાદ હકાલપટ્ટી થયેલા ભારતીય જનતા પાર્ટીના નેતા ધર્મેન્દ્ર શાહની ભ્રષ્ટાચારના પરાકાષ્ટા અને ગેરવહીવટ પર આકરા પ્રહારો કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ બિમલ શાહએ જણાવ્યું હતું કે, અમદાવાદ મહાનગર પાલિકાના ભાજપના પ્રભારી ધર્મેન્દ્ર શાહના શાસનમાં મેયરની ઓફીસમાં એન્ટી ચેમ્બરમાં બેસી ૫૦૦ કરોડથી વધારેનો ભ્રષ્ટાચારની વાતો સૌના લોકમુખે ચર્ચાઈ રહી છે. મ્યુનિસિપલ કમીશનર અને મેયર કરતાં વધારે પાવર ભોગવતાહોયતેમ કોઈ પણકોન્ટ્રાકટહોય તેમાં કમીશન વિના પાસ થતો ન હતો. દિલ્હીના તેમને સીધા આશીર્વાદ હોવાની વાતો કરતા ધર્મેશ શાહના રાજમાં શહેરમાં કચરો ઉપાડવાનો કોન્ટ્રાકટ હોય, બસનો કોન્ટ્રાકટ, રોડ–બ્રીજના કોન્ટ્રાકટ સહિતના કોન્ટ્રાકટમાં સુનિયોજિત રીતે ભ્રષ્ટાચારની સીસ્ટમ કરવામાં આવી હતી. સીસ્ટમમાં ભ્રષ્ટાચાર નહિ પરતું ભ્રષ્ટાચારની સીસ્ટમ ભાજપ સરકારે નગરપાલિકા–મહાનગરપાલિકાઓમાં લાગુ કરી છે. મોટાપાયે કોન્ટ્રાકટની કટકીને કારણે શહેરમાં રોડ સારા બનતા નથી. અવાર નવાર રોડ તુટવાની સમસ્યાઓનો ભોગ ગુજરાતીઓ બની રહ્યા છે. ભાજપાના ધારાસભ્યો અને કોર્પોરેટરોના એએમટીએસ–બીઆરટીએસના ઉચા ભાવે કોન્ટ્રાકટ આપીકોર્પોરેશનને કરોડો રૂપિયાનું નુકસાન થયુંછે. બહેરામપુરામાં કાપડ એકમો માટે એફલુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (ઈટીપી) વ્યકિતવિશેષને લાભ કરવામાં કોર્પોરેશનને અંદાજીત ૧૦૦ કરોડ જેટલું નુકસાન થયું છે. કોંગ્રેસ પક્ષ માંગ કરે છે ધર્મેન્દ્ર શાહ દ્વારા મંજુર થયેલા તમામ કામોની નિષ્પક્ષ તપાસ થવી જોઈએ. આઈટી વિભાગે પણ ભાજપના કયાં નેતાના ખાતામાં કયાં કોન્ટ્રાકટરે રૂપિયા જમા કરાવ્યા તેની તપાસ થવી જોઈએ.

પત્રકાર પરિષદને સંબોધન કરતા પૂર્વ મેયર અને અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ હિંમતસિંહ પટેલે જણાવ્યું હતું કે, અમદાવાદ મ્યુસીપલ કોર્પોરેશનનો એક વર્ગ બેનો કર્મચારી રૂપિયા ૫૦ લાખની લાંચ લેતો પકડાય આ જ દર્શાવે છે કે ભાજપ શાસિત નગરપાલિકાઓ, મહાનગર પાલિકાઓમાં ભયમુકત ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. આ કર્મચારીના તાર કયાં કયા મોટા અધિકારી, નેતા સુધી પહોંચે છે તેની તપાસ થવી જોઈએ. એએમસીમાં ભ્રષ્ટાચાર કરવાનો છુટો દોર મળે તે માટે વિપક્ષને તમામ વિવિધ સમિતિમાંથી દુર કરાયા છે. શહેરના ધોવાયેલા અને તુટેલા રસ્તા માટે હલકી ગુણવત્તા, રોડ અને રસ્તાના ટેન્ડરમાં આપવામાં આવેલ ટર્મ્સ એન્ડ કંડીશનનું યોગ્ય પાલન ન થાય, યોગ્ય માત્રામાં ડામરનો ઉપયોગ ન થયા જયાં થાય ત્યાં હલકી ગુણવત્તાનું મટીરીયલ વપરાય તેની સાથે મોટા પાયે કટકી–કૌભાંડ અને ભ્રષ્ટાચાર જવાબદાર છે. ભાજપના રાજમાં તંત્ર એટલું ભ્રષ્ટ થઈ ચુકયુ છે કે સામાન્ય વ્યકિત પોતાનુ મકાન બનાવવાનો પ્લાન પાસ ન કરાવી શકે. બાંધકામ થયા બાદ બીયું પરમીશન માટે ફલેટના યુનિટ દીઠ રૂપિયા ચુકવવા પડે છે. મનપા ઓફીસમાં પોતાનું કામ કરાવવું એ અભીમન્યુના કોઠા પસાર કરવા જેવી સ્થિતિ નાગરિકની થાય છે. ભાજપ સત્તાના નશામાં મસ્ત અને પ્રજા ત્રસ્ત જેવી સ્થિતિ છે ત્યારે કોંગ્રેસ અમદાવાદ મ્યુસીપલ કોર્પોરેશનમાં થઈ રહેલા ભાજપના ભ્રષ્ટાચારને ઉજાગર કરવા આક્રમકતાથી લડશે. ભાજપના મનપાના સત્તાધીશો કુંભકર્ણની નિંદ્રામાં છે તેમને કામમાં નહી કોન્ટ્રાકટ અને કટકીમાં જ રસ છે. કમીશન મળ્યા બાદ કોન્ટ્રાકટરોને બ્લેક લીસ્ટ કરવાના બદલે છાવરવામાં આવે છે. જે કામગીરી અને નિતિરીતી ચાલે છે તે પ્રજાલક્ષી નહી પ્રજા વિરોધી છે. યુપીએ શાસનમાં ડો. મનમોહન સિંઘ દ્વારા અમદાવાદના વિકાસ માટે ૫ હજાર કરોડ રૂપિયા આપ્યા હતા જેમાંથી ૯૦૦ કરોડ રૂપિયા તો માત્ર વરસાદી પાણી અને ડ્રેનેજ માટે વપરાયા હતા. આ ૯૦૦ કરોડ કયાં ગયા ? તે સવાલ થાય છે. આજે નજીવા વરસાદમાં અમદાવાદના અનેક વિસ્તાર ઠેરઠેર પાણીમાં ગરકાવ થઈ જાય છે. ગુજરાતીઓને સુવિધા–સેવા મળે અને ભય ભ્રષ્ટાચારને ડામવા કોંગ્રેસ પક્ષ સતત લડાઈ લડતો રહેશે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતા હિરેન બેન્કર ઉપસ્થિત રહ્યા હતા.

---

### પ્રદેશ આગેવાનોને ધરપકડ બાદ ન્યાય મળતા

## અમરેલી ખાતે એએચપીનાં આગેવાનો દ્વારા આતશબાજી અને ખુશી વ્યકત કરાઈ

**હિન્દુ મંદિરો હટાવવાનાં વિરોધમાં આગેવાનોની થઈ હતી અટકાયત**

અમરેલી, તા.૩

અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોકમાં ડો. ગજેરાની આગેવાનીમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના આગેવાનોએ આતશબાજી દ્વારા ખુશી વ્યકત કરી હતી.

ડો. ગજેરાએ જણાવ્યું હતુ કે ગુજરાત સરકારે રાજયનાં ૨૫ હજાર હિન્દુ મંદિરોને હટાવી લેવાની નોટિસ પાઠવતાં એએચપીનાં પ્રદેશ આગેવાનો રણછોડભાઈ ભરવાડ સહિતના ૩ આગેવાનોની આવેદનપત્ર પાઠવવા બદલ ધરપકડ બાદ આજે જામીન પર મુકત થતાં ખુશી વ્યકત કરી છે.



---

### પવિત્ર શ્રાવણ માસનાં પ્રારંભે

## અમરેલીમાં આજથી સ્વામીનારાયણ મંદિર ખાતે સંત પારાયણનો પ્રારંભ

**આજે સાંજે અને સોમવારથી રાત્રીનાં પારાયણ યોજાશે**

અમરેલી, તા. ૩

શ્રાવણમાસ એટલે શ્રવણનું પર્વ, આંતર જાગૃતિનું પર્વ, આધ્યાત્મિક સંપત્તિને જીવનમાં ઉતારવાનું પર્વ. સંસારના ત્રિવિધ તાણથી સંતપ્ત મનુષ્યજીવન આજે વધુ જટિલ બન્યું છે. કેવળ ભૌતિક પદાર્થોમાં સુખ માનીને આપણે સાચી શાંતિનો અનુભવ કરી શકયા નથી. સાચુ સુખ અને શાંતિનું સરનામું આપણા ઋષિમુનિઓ, સંતો અને શાસ્ત્રો બતાવે છે, તે છે ભગવાન અને સંતના લીલાચરિત્રોનું શ્રવણ.



પવિત્ર શ્રાવણ નિમિત્તે કથાશ્રવણનો લાભ પ્રાપ્ત થાય તેવા શુભઆશયથી બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, પ્રમુખવાટિકા, અમરેલીના આંગણે તા. ૪ ઓગસ્ટ થી ૮ ઓગસ્ટ સુધી સંત પારાયણનું આયોજન કરેલ છે. આ સંત પારાયણનો પ્રારંભ તા. ૪ ઓગસ્ટ રવિવારે સાંજે ૫:૩૦થી યોજાતી રવિસભામાં થશે. તેમના તા. ૫ ઓગસ્ટથી ૮ ઓગસ્ટ સુધી રાત્રે ૮:૩૦ થી ૧૦:૩૦ દરમ્યાન સંત પારાયણનો લાભ પ્રાપ્ત થશે.

આ સંત પારાયણના બીએપીએસ સંસ્થાના વિદ્વાન વકતા અને સંગીતજ્ઞ સંત કૃષ્ણપ્રિયસ્વામી સંગીતજ્ઞ કલાકારો સાથે તેમની રસાળ, સંગીતમય શૈલીમાં પારાયણનો લાભ આપશે. આ પારાયણનો લાભ લેવા તમામ ધર્મપ્રેમી જનતાને પધારવા બીએપીએસ સ્વામિનારાયણ મંદિરની યાદીમાં જણાવ્યું છે.

---

### આસ્થાનાં ઘોડાપુર જોવા મળ્યા

## દામનગરમાં ૧૨ વર્ષની ગૌમાતાનું નિધન થતાં વિધિ સાથે વિદાય અપાઈ

**ગૌસેવકોની આંખોમાં આંસુ આવ્યા**

દામનગર, તા. ૩

દામનગરમાં રહેતા જગાભાઈ ખીમજીભાઈ ચાવડાની ગાયનું શુક્રવારના રોજ અવસાન થતાં તેઓનું મંત્રોચ્ચાર અને વિધિ/વિધાનથી ગૌસેવકોએ અબીલ/ગુલાલ અને કંકુથી જમીનમાં અંતિમ વિધિ કરતાં ગૌસેવકોની આંખોમાંથી અશ્રુધારા થઈ હતી. ૩૩ કરોડ દેવતાઓનો વાસ છે એવા ઉપરના શ્રેષ્ઠ અને માં ગણાતા ગૌમાતાને શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી.



---

### વાલીઓ અને ગામજનોમાં નારાજગી ઉભી થઈ

## લીલીયાના આંબા ગામની સરકારી શાળાનાં શિક્ષણથી વાલીઓ ચિંતિત

**શાળાનાં આચાર્ય સહિત એક શિક્ષિકા સામે નારાજગી**

અમરેલી, તા. ૩

લીલીયાના મોટાનાં આંબા ગામની પ્રાથમિક શાળાનાં આચાર્ય અને શિક્ષિકાની કાર્યશૈલીથી બાળકોનાં શિક્ષણને લઈને વાલીઓમાં ચિંતા ઉભી થઈ છે.

આ અંગે વાલીઓએ "અમરેલી એકસપ્રેસ" કાર્યાલય ખાતે તમામના નામ જોગ એક અરજી મોકલી છે જેમા આચાર્ય અને એક શિક્ષિકાની કાર્યશૈલી સામે ગંભીર પ્રકારના આક્ષેપો કર્યા હોય જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ આ મામલે દુધનુ દુધને પાણીનુ પાણી કરવુ જરૂરી બન્યું છે.

---

### આરોપી અશોકભાઈ બુધેલીયાનુ કારસ્તાન

## દામનગરમાં ૨ મહિલાઓ સાથે ગેરવર્તનની ઘટના બની

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૩

લાઠી તાલુકાના દામનગર ગામે રહેતા વચનબેન હિંમતભાઈ ભુપતભાઈ બુધેલીયા નામનાં ૫૭ વર્ષિય મહિલા તા. ૨ ના વહેલી સવારના આશરે છએક વાગ્યાના સુમારે નળનું પાણી ભરતા હોય. તે દરમ્યાન મહિલાની એકલતાનો લાભ લઈ તે જ ગામે રહેતા અશોકભાઈ ભુપતભાઈ બુધેલીયાએ મહિલા સામે અશ્લીલ ઈશારા કરી, મહિલાનો હાથ પકડી બળ વાપરી જાતિય સતામણી કરી તથા મહિલાને જાહેર બજારમાં અશ્લીલ ગાળો આપી તથા સંગીતાબેનને પણ ખરાબ ગાળો આપી, શરીરે ઢીકાપાટુનો માર મારી મુંઢ ઈજા કરી, વાળ પકડીને જમીન ઉપર પછાડી, ઢસડી પેટમાં પાટાઓ મારી મુંઢ ઈજા કરી તથા લાકડી વડે પીઠના ભાગે બે ત્રણ ઘા મારી મુંઢ ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

---

### એસપીની સુચનાથી સિટી પોલીસનો સપાટો

## અમરેલીમાં બાઈક ચોરીનાં રવાડે ચડી ગયેલ બે ઈસમોની અટકાયત

**ચોરી થયેલ બાઈક પણ કબ્જે લેવાયું**

અમરેલી, તા. ૩

અમરેલીમાં થયેલ વાહન ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલી આરોપીઓને મોટરસાયકલ સાથે પકડી પાડતા અમરેલી સીટી પોલીસ ટીમ.

અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એ.એમ. પરમારની રાહબરી હેઠળ અમરેલી સીટી પોલીસ સ્ટેશન ખદબ કલમ ૩૦૩(૨), ૫૪ મુજબના ગુન્હાના કામે અમરેલી સીટી પોલીસ સર્વેલન્સ ટીમ દ્વારા ટેકનીકલ સોર્સ તથા અમરેલી નેત્રમ પ્રોજેકટ અંતર્ગત કમાન્ડ કંટ્રોલ સેન્ટરની મદદથી સી.સી.ટી.વી. ફુટેજો ચેક કરી, સી.સી.ટી.વી.ના ફુટેજોનો અભ્યાસ કરતા ચોરીમાં ગયેલ મોટર



સાયકલની ઓળખ મેળવી હ્યુમન સોર્સની મદદથી મેળલ ચોકકસ બાતમી આધારે હરેશભાઈ ભિખાભાઈ રાઠોડ (રહે. રોકડીયાપરા) તથા પ્રકાશભાઈ ઉર્ફે ગણો ભનુભાઈ જીંજુવાડીયા (રહે. બહારપરા) ને ઈસમોને ચોરીમાં ગયેલ મોટર સાયકલ નં જી.જે.૦૧.પી.જે. ૨૮૫૩ કિંમત રૂપિયા ૨૫,૦૦૦ સાથે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

---

# અમરેલીનાં ગજેરા કેમ્પસના સ્ટાફ–સ્ટુડન્ટ્સ–પેરેન્ટ્સ માટે શાંતાબા જનરલ હોસ્પિટલ દ્વારા મેગા મેડિકલ કેમ્પ યોજાયો



અમરેલી શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કુલ અને શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કુલ તથા જ્ઞાન શકિત રેસીડેન્સીયલ સ્કુલ ઓફ એકસેલન્સ અમરેલી ખાતે શાંતાબા જનરલ હોસ્પિટલ દ્વારા નિ:શુલ્ક નિદાન મેગા–મેડિકલ કેમ્પનું આયોજન થયેલ, જેમાં જનરલ મેડિસિન, જનરલ સર્જરી, ચામડીના રોગ, કાન, નાક, ગળા, આંખ, હાડકા, સ્ત્રી રોગ, માનસિક રોગ, બાળ રોગ, એલર્જી, ફેફસા, દાંતની તકલીફ વગેરે એમ ૧૨ અલગ–અલગ રોગના નિષ્ણાંત ડોકટરો દ્વારા નિદાન કરવામાં આવ્યું, જેમાં બહોળી સંખ્યામાં સ્ટાફ, સ્ટુડન્ટસ અને પેરેન્ટસનું નિદાન કરવામાં આવ્યું હતું, તે બદલ વાલીઓ દ્વારા આ કામગીરી માટે અભિનંદન પાઠવી રહ્યા છે. જેમાં ડો. વિક્રમસિંહ ગોહિલ, ડો.નિશાંત સુવાગીયા, ડો.પૂર્વ પટેલ, ડો.સંજયભાઈ ટોટા, ડો. જૈન લક્ષ્મીધર, ડો.રાજભાઈ પટોલિયા, ડો. ભાવિનકુમાર કડાવાલા, ડો. યોગેશભાઈ દવે, ડો. વૈશાલીબેન કથીરિયા, ડો.પુજાબેન પંડયા, ડો.દિવ્યાબેન ચાવડા, ડો.રવિભાઈ ડાભી તેમજ તેમની સાથે નર્સસ્ટાફ, લેબોરેટરી ટેકનિસિયન સ્ટાફ હાજર રહ્યા હતા. જરૂરી મેડીસીન પણ નિઃશુલ્ક આપવામાં આવેલ તેમજ જરૂરીયાત જણાયે આગળની સારવાર માટે શાંતાબા જનરલ હોસ્પિટલમાં લઈ જવામાં આવશે. આ કેમ્પ તદન નિ:શુલ્ક કરવામાં આવેલ હતો. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા દ્વારા અમરેલીમાં શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે ખુબ જ સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવી રહ્યા છે. આવી ઉત્કૃષ્ટ કામગીરી બદલ અમરેલીની જનતા દ્વારા અભિનંદન પાઠવી રહ્યા છે.

## હિન્દુવાદી સરકારમાં હિન્દુવાદી સંસ્થાઓને આવેદનપત્ર આપવાની ફરજ પડી

# અમરેલીમાં હઠીલા હનુમાનજી મંદિર દૂર ન કરવા એએચપીની માંગ

**૩૦૦ વર્ષ પુરાણું મંદિર જાહેર માર્ગ ઉપર નડતરરૂપ ન હોવાથી દૂર કરવાની નોટિસ પાઠવવી યોગ્ય નથી**

**હનુમાનજી મંદિર શહેરીજનોની આસ્થાનું કેન્દ્ર હોવાથી દૂર કરવું યોગ્ય નથી**

**૨૦ વર્ષ કરતાં વધારે સમયથી કોઈ દબાણ હોય તો તેને દૂર કરી શકાતું નથી**

**ડો. જી.જે. ગજેરાની આગેવાનીમાં મોટી સંખ્યામાં હિન્દુ સંગઠનનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા**



અમરેલી, તા. ૩

અમરેલીની આયુર્વેદ હોસ્પિટલ નજીક આવેલ ૩૦૦ વર્ષ પુરાણા હઠીલા હનુમાનજી મંદિરને હટાવી લેવા પાલિકાનાં ચીફ ઓફિસરે મંદિરનાં સંચાલકને નોટિસ પાઠવતાં આજે આંત્તર રાષ્ટ્રીય હિન્દુ પરિષદનાં અગ્રણી ડો. જી.જે. ગજેરાની આગેવાનીમાં હિન્દુવાદી સંગઠનોનાં આગેવાનોએ કલેકટરને આવેદનપત્ર પાઠવેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, અમરેલી મુકામે આવેલા પૌરાણીક મંદિર હનુમાનજીનું મંદિર જે આશરે ૩૦૦ વર્ષ પૌરાણીક મંદિર તેમજ હિન્દુ સમાજની આસ્થાથી જોડાયેલ કેન્દ્રનું પ્રતિક છે.

આ મંદિર કોઈપણ રીતે કોઈને અડચણરૂપ પણ રહેલ ન હોય અને આ મંદિરની આજુબાજુ રહેતા લોકોને પણ નડતરૂપ રહેલ ન હોય કે આ મંદિર બાજુમાંથી મોટી એસ.ટી. બસો પણ કોઈપણ અવરોધ વિના પસાર થઈ જતી હોય અને આ મંદિર કોઈપણ રીતે નડતરૂપ રહેલ ન હોય તેમ છતાં પણ આ મંદિર હાલમાં દુર કરવા માટે નગરપાલિકા દ્વારા એક નોટીસ પાઠવવામાં આવેલ હોય જે પરત ખેંચવી જરૂરી છે.

વધુમાં જણાવેલ છે કે, સુપ્રિમ કોર્ટની ગાઈડ લાઈન મુજબ જોવામાં આવે તો જો કોઈ સરકારી જમીન ઉપર આવુ દબાણ આશરે ૨૦ વર્ષ ઉપરાંતથી રહેલ હોય તો તેવું દબાણ હટાવી શકાતુ ન હોય. આ ધાર્મીક જગ્યા આશરે ૩૦૦ વર્ષ ઉપરાંતની રહેલ હોય જેથી આવુ દબાણ હટાવવા નગરપાલિકા કચેરીને કોઈ હકક-અધિકાર રહેલ ન હોય.

અમોનું આ આવેદનપત્રને ધ્યાને લઈ પાલિકા કચેરી દ્વારા જે અમોને નોટીસ દબાણ દુર કરવા આપેલ હોય તે ફાઈલ કરાવવા તેમજ આ મંદિર યથાવત રાખવા અંતમાં માંગ કરેલ છે.

## અમરેલીનાં બાબાપુરમાં શ્રમિક પરિવારનાં ૭ વર્ષનાં બાળકને દીપડાએ ફાડી ખાધો

અમરેલી, તા. ૩

અમરેલીનાં બાબાપુર ગામનાં વિપુલભાઈ ગોંડલીયાની વાડીમાં રહેતા શ્રમિક પરિવારનાં ૭ વર્ષના બાળકને દીપડાએ ફાડી ખાતા સમગ્ર પંથકમાં અરેરાટી ફેલાઈ છે.

ઘણા સમયથી રાની પશુઓની સમસ્યા વધતી હોય વન વિભાગની નિષ્ક્રિયતા દુર થતી નથી.

**બિસ્માર માર્ગો, ગંદકી, ટ્રાફિક, બંધ સ્ટ્રીટલાઈટ, રખડતા પશુઓ, રોમિયોગીરીથી પરેશાની**

## અમરેલી શહેરની અગણિત સમસ્યાઓને લઈને સોશ્યલ મીડિયામાં શહેરીજનો હૈયાવરાળ ઠાલવે છે

**નાયબ દંડકે દરેક વોર્ડ વિસ્તારમાં લોક દરબાર યોજવા પડે તેવી ગંભીર પરિસ્થિતિ**



અમરેલી, તા. ૩

અમરેલી શહેરની દોઢ લાખ જનતા છેલ્લા ૩૦ વર્ષથી ભાજપનાં રંગે રંગાયેલી છે. પાલિકાથી લઈને પાર્લામેન્ટ સુધીની ચુંટણીમાં શહેરનાં મતદારો ભાજપને ખોબલે-ખોબલે મત આપીને વિજેતા બનાવે છે. અને બદલામાં શહેરીજનો પ્રાથમિક સુવિધા ઈચ્છે છે જે મળતી ન હોય શહેરીજનોની ધીરજ ખુટી છે અને જાગૃત શહેરીજન સોશ્યલ મિડિયામાં સમસ્યાનુ વર્ણન કરે અને તેને શહેરીજનો અરસપરસ વાયરલ કરીને સરકારનું ધ્યાન દોરવાનો પ્રયાસ કરે છે. અમરેલી એ જિલ્લાનુ મુખ્ય મથક છે. જિલ્લાભરમાંથી જનતાની અવર જવર રહેલી હોય છે અધિકારીઓ અને પદાધિકારીઓ પણ પધારતા હોય છે. ત્યારે શહેર સુંદર અને રળીયામણુ લાગવુ જોઈએ.

પરંતુ અમરેલીમાં આજે સમસ્યાઓનો પહાડ સર્જાયો છે. બિસ્માર માર્ગો, રખડતા પશુઓ, બંધ સ્ટ્રીટલાઈટ, જાહેર માર્ગો પર દબાણ, વિકરાળ ટ્રાફિક સમસ્યા, અનિયમીત પાણી વિતરણ, રોમીયોગીરી, પાર્કિંગનો અભાવ સહિતની સમસ્યાથી શહેરીજનોમાં નારાજગી ઉભી થઈ છે.

અમરેલીનાં ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિક વેકરિયાએ શહેરનાં દરેક વોર્ડમાં લોક દરબાર યોજીને શહેરમાં ફેલાયેલ સમસ્યાઓનું યુધ્ધનાં ધોરણે નિકરાકરણ કરવુ જોઈએ તેવું શહેરીજનો ઈચ્છી રહયા છે.

**સુરતનાં ૨ અને વલ્લભીપુરનાં ૧ વ્યકિતનું કારસ્તાન**

## લ્યો બોલો : ધારી નજીક આવેલ એશિયાટીક રીસોર્ટમાં ખાઈ-પીને જલ્સા કર્યાને બિલ ન ચુકવ્યું

**સ્થાનિક પોલીસે ૩ ઈસમો વિરૂધ્ધ ફરિયાદ નોંધી**

અમરેલી, તા. ૩

રાકેશભાઈ નરેન્દ્રભાઈ ધાનાણી (રહે. સુરત), કિરણભાઈ અરજણભાઈ (રહે. વલ્લભીપુર) તથા રક્ષીતકુમાર મહેશભાઈ જોગાણી (રહે. સુરત) વાળા આરોપીએ ગત તા. ૬/૯/૨૩ થી તા. ૧૬/૧૦/૨૩ ના રાત્રીના દસ વાગ્યા સુધી ધારી ખાતે આવેલ એશિયાટીક પ્રાઈડ રીસોર્ટ ખાતે રોકાઈને ૪૧ દિવસ સુધીનું રૂમનું ભાડુ રૂપિયા ૧,૨૩,૦૦૦ તેમજ જમવાનુ બીલ રૂપિયા ૧૪૮૪૧ મળી કુલ બીલની રકમ રૂપિયા ૧,૩૭,૮૪૧ નું બીલ નહી ચુકવી એશિયાટીક પ્રાઈડ રીસોર્ટમાં મેનેજર સાથે વિસઘાત કરી છેતરપીંડી કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવી છે.


શ્રાવણ માસ નિમિતે...
ફરાળી વાનગીઓનો રસથાળ
ટોપરાપાક | શીંગપાક | માવાના પેંડા
દર સોમવારે ગરમાગરમ ફરાળી પેટીસ મળશે
ફરાળી ચેવડો
બટેટા વેફર્સ | કેળા વેફર્સ | દુધીનો હલવો
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ | મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડ્યા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડ્યા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
- કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
- જુના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જયુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮












# રામદૂત મૈં માતુ જાનકી, સત્ય શપથ કરૂણા નિધાનકી

## અહૈતુક કૃપા

દર્દને ગાયા વિના રોયા કરો,જીવનમાં જે થાય તે જોયા કરો. તેથી મનોમન બધુ ભગવાનને જ કહી રહી હતી. જીવના સાચા હિતકારી ભગવાન અને સંત સિવાય દુનિયામાં કોણ છે? રડતા રડતા રાત્રે દોઢ વાગ્યો હશે. બધા સૂઈ ગયેલા. બહાર અનાધાર વરસાદ પડતો હતો. ગાડીનો હોર્નનો ખૂબ અવાજ આવતો હતો. દોડીને બહાર તો ગઈ મન કહેતુ હતુ કે ભગવાન પર્ધાયા છે.

અતિ કોમલ રઘુવીર સુભાઉ...

મુખ્ય દરવાજો બંધ હતો. ચાવી ચાકીદાર પાસે હતી અને ચોકીદાર કયા છે તે ખબર ન હતી તેથી લાચાર થઈ એકબાજુ ઉભી રહી. ભગવાન હસતા હસતા બોલ્યા, ''કયો આ ગઈ? ચલ અંદર'' એટલામાં તો બધા ઉઠી ગયા. એક બહેને પૂછયુ, '' ભગવાન, કેમ આટલા જલ્દી પાછા આવી ગયા?'' મારી સામે જોઈ હસતા હસતા બોલ્યા, ''અરે કયા કરુ? બહુત બરસાત હુઈ, ઈતના પાની બરસાકી મેરી ગાડીમેં પાની આ ગયા. ઔર મુઝે વાપિસ લૌટના પડા.''

મેં અને ભગવાને એકબીજાને શબ્દોથી નહી છતા કહેવાનુ હતુ કહી દીધુ અને પરસ્પર સમજી ગયા. જયારે બોલ્યા કે, '' ઈતની બરસાત હુઈ કિ ગાડીમે પાની ભર ગયા'' મેં મનોમન કહ્યુ, ''જી હા, વહ આંખોકી વર્ષાકા પાની આપ તક પહુંચા તો સહી'' કોઈએ કહ્યુ છે તે પ્રમાણે,

નજરને નજરને મુલાકાત કર લી, રહે દોનો ખામોશ ઔર બાત કર લી.

થોડીવારે કહ્યુ, ''અરે ! મુઝે બહુત ભુખ લાગી હે કુછ ખાનેકો હે કયા?'' સેવા કરનાર બહેને કહ્યુ, '' કુછ નહી હે.'' ભગવાને કહ્યુ, ''અચ્છા કુછ સબ્જી હૈ?'' પરવળ છે તેમ સાંભળતા કહ્યુ, ''લાવ મૈ પરવલ કાટતા હૂ તુમ આટા બનાવ'' બધાને કહ્યુ, ''જાવ અબ સો જાવ સુબહ મિલૂંગા.''

મને કહ્યુ, ''જાવ નાહકર આવ.'' લગભગ ત્રણ વાગવા આવેલા, અજાણ્યુ સ્થાન હતુ. અંધારામાં નાહીને આવી ત્યારે ભોજન લેવા બેઠા હતા. દરવાજો થોડો ખુલ્લો હોવાથી મને આવેલી જોઈ ભગવાને

રામબાણ રવિ ઉદય જાનકી, તમ વરૂથ કહ યાતુધાનકી.

કહ્યુ, ''આ જાવ રમા, અંદર આ જાવ'' મારી લાવેલી કેરી એક થાળ ીમાં ગોઠવેલી હતી તે જોઈ બોલ્યા, '' ઈતને સારે આમ કૌન લાયા?'' જવાબ મળ્યો, ''રમા લાઈ હૈ'' પ્રેમથી કહ્યુ, '' તો તો જરૂર ખાઉગા. દો આમ ધોકર દો.''

પોતે જાતે જ કેરી સુધારી જમતા જમતા બધાના કુશળ સમાચાર પૂછયા અને જમ્યા પછી પૂજા સ્વીકારી ત્યારે અંદર કોઈ હતુ નહી. ત્યારે કહ્યુ, ' 'દેખો રમા, મુઝે માલૂમ હે દિનભર તુમને કુછ ખાયા નહી હે ઈસીલિયે ભોજન બનવાયા હે અબ તુમ ઈતના ખા લેના. મૈં સુબહ બાત કરુગા'' એમ કહી પોતાની પ્લેટના શાક રોટલી તેમ જ સુધારેલી કેરી એક થાળીમાં મને આપી અંદર જઈને સૂઈ ગયા. હું પણ જમીને સુઈ ગઈ

સવારે આઠ વાગે ભગવાન પાસે જતા તરત જ પૂછયુ, '' રાતકો ભોજન કિયા થા?'' હા જણાવતા કહ્યુ, '' અચ્છા તો હમ થેંકયુ કહ દેતે હે.'' થોડીવારે બધાને બહાર મોકલી મને બધુ પૂછયુ. બધી વિઝન જાણીને ભગવાનને દુ:અ થયુ મને કહ્યુ, ''મમત્વકા ત્યાગ હી ત્યાગ હે.મૈ ન મિટે તુ ન મિલે.'' ભગવાને એક પત્ર બાપુજીને લખ્યો. તેમાનું લખાણ પુરુ યાદ

ઈસે મૈ કભી નહી ભૂલૂંગ.'' વિગેરે.

ત્યારબાદ મને પૂછયુ, '' ભોજનકા કયા કરોગી?'' મે કહ્યુ, '' આજકાલમાં મારો સામાન જયપુરથી પ્રમોહ આવવાનો છે તેની રામચરણ પંકજ ઉર ધરહુ, લંકા અચલ રાજ તુમ કરહુ.



પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)

નથી પરંતુ થોડુ આ પ્રમાણે હતુ., ''રમા યહા આ ગઈ હે ઈસકે વિચાર ઉદાર હે પર મન ખિન્ન હે તુમ ચિન્તા ન કરના.''

પાર્વતી જિન નિરમયઉ, સોઈ કરિહહિ કલ્યાન.ઉનકા ભગવાન કલ્યાણ કરે.

એક પત્ર મારી પાસે ભાઈ પર લખાવ્યો. પહેલા મને પૂછયુ, ''મે કહ્યુ, ''જરૂર ભગવાન.'' મને લખાવ્યુ, ''તુમને મેરા બહોત ભી ઉપકાર કિયા હે



સંપાદક : મહેન્દ્ર સી.જોષી
મો.૯૪૨૮૪ ૫૦૭૫૫ (નિવૃત કેળવણી નિરીક્ષક)
સૌજન્યઃ પ.પૂ.કુ.રમાબેન પુરૂષોતમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા–પુસ્તકમાંથી)

ભગવાન, આ રીતે આવી હોવાથી રસોઈનો સામાન લાવી નથી પરંતુ મારી સાથે થેપકા, સેવ, સુખડી છે. દહી, છાશ અથવા દૂધ સાથે જમી લઈશ.

સાથે આવી જશે.'' ભગવાને કહ્યુ, '' ઐસા નહી કહરો, મૈ વ્યવસ્થા કરતા હુ.'' મને ઉજ્જૈનની ઘટના યાદ આવી ગઈ. મે કહ્યુ, ''ભગવાન, ક્ષમા કરો, મેરે લિયે આપ કિસીસે કુછ માંગના નહી.'' પછી કહ્યુ, '' કહરો તો સહી.'' કહીને સેવા કરનાર બહેનને બોલાવીને પૂછયુ. ''યહા પર તો સબ રસોઈકા સામાન હૈ ફિર મેરે સાથ રહનેવાલા સામાન કહા હૈ?'' તેઓ સમજી ગયેલા કે મારા માટે પૂછતા હશે તેથી જવાબ આપ્યો, '' મુઝે માલૂમ નહી હૈ.'' આ સાંભળી નારાજગીથી કહ્યુ, '' ઠીક હૈ તુમ જાવ.'' મે કહ્યુ, '' ભગવાન, મૈને આપસે ના કહા થા ફિર ભી આપને કયો માંગા?'' ભગવાને કહ્યુ, ''રમા, મૈં સબ જાનવા હૂં ફિર ભી સબકો દેખના ચાહતા હૂ.ખેર ! તુમ અપના ચલા લો.'' પછી કહ્યુ, ''દેખો, મહેમાન આ રહે હૈ રસોઈયા એક હી હૈ ઈસલીયે તુમ રસોડેમે થોડી મદદ કરના.''

બીજા દિવસે સવારે બધા માટે સમૂહ ભોજનમાં કેરી ઘણી આવી હોવાથી ભગવાનની આજ્ઞાથી રસ કાઢ વામાં આવ્યો. રસ કાઢવાની પદ્ધતિ જોતા ખાવાની રૂચિ ન થાય જો કે મારે તો સમૂહમાં જમાનવુ હતુ નહી તેથી આ પ્રશ્ન નહોતો. બપોરે ભગવાનના દ્વાર બંધ હતા. આખી રાતનો ઉજાગરો અને માનસિક થાક હોવાથી હુ સુઈ ગયેલી. ત્યારે ભગવાન બહાર પધાર્યા. હશે અને સમૂહ ભોજનમાં વધેલો રસ મંગાવી બધા સ્વંયપાકીઓને મોટા વાટકા ભરી પ્રસાદી આપી આનંદ કરાવ્યો. પરંતુ જેણે રસ કાઢતો જોયેલો એ તો ધર્મસંકટમાં પડયા. ખવાય પણ નહી અને ફેંકાય પણ નહી. કારણ પ્રસાદ સ્વહસ્તે અપાયો હતો. હું સાંજે ઉઠી ત્યારે આ વિગત જાણવા મળી. એક બાજુ થયુ ભગવાનનું સાન્નિધ્યય ગુમાવ્યુ. બીજી બાજુ થયુ ચાલો,રસ પીવાથી બચી ગઈ.

સાંજે ભગવાન બહારથી પધાર્યા ત્યારે અંદર જઈ દરવાજો બંધ કરી કહ્યુ, ''સબકો કલ મિલૂંગા.'' ભગવાનના કહ્યા પ્રમાણે હું રસોડામાં મદદ માટે જતી રહી. થોડીવારે ત્રણ બહેનોને રસોડામાંથી બોલાવ્યા જેઓ સમૂહની રસોઈમાં કુશળ હતી. બીજા દિવસે ગુરૂપૂર્ણિમાં હોવાથી રસોઈ બાબત તેમને સુચના આપવાની હતી. ભગવાને વધારમાં તેમને પૂછયુ હશે, ' 'આપ સબકો રસ મિલા ના? કોઈ બાકી તો નહી રહ રામનામ બિનુ ગિરા ન સોહા, દેખુ વિચાર ત્યાગી મદ મોહા. ગયા?'' કોઈએ કહ્યુ, '' ભગવાન, રમાબેન રહ ગયે.'' સાંભળી મને લાવી. ત્યારે પ્રમોદ આવી ગયો હતો તે પણ મારી સાથે અંદર દર્શને આવ્યો. તેને જોઈ કહ્યુ,' 'તુમ આ ગયે? અચ્છા હુઆ પર અબ ચલે જાવ.ક્યોંકિ અભી કિસીકો મિલતા નહી હૂ.'' પછી મને કહ્યુ, '' દેખો, ઈસ ટોપલેમેસે અચ્છે અચ્છે દેખકર ચાર આમ લાવ.'' કોના માટે મંગાવે છે તે ખબર ન હતી તેથી કહ્યા પ્રમાણે સારી ચાર કેરી લઈ આવતા મને કહ્યુ, '' ઈસકો ઠીકસે ધોકર લાવ.'' પેલા ત્રણે બહેનોને એક એક કેરી ધોવા આપી અને ચોથી પોતે ધોળવા લાગ્યા. મને કહ્યુ, ' 'જાવ તુમ મેર રસોઈ મેસે એક તપેલી, થોડી સક્કર, એક કપ દૂધ ઔર થોડા ઈલાયચી, કેસર લેકર આવ.'' તપેલીમાં પોતાના હાથે રસ કાઢી ચમચાથી હલાવતા કહ્યુ, ''લો, અબ યે તુમ લેજાવ, તુમ ઔર પ્રમોદ મિલકર પીજાના.'' જાણે કે સર્વજ્ઞ ભગવાને સમૂહનો રસ પીવાની મારી અનિચ્છા જાણી સ્વહસ્તે મારા માટે રસ તૈયાર કરી પ્રસાદ આપ્યો.

બીજા દિવસે સવારે ગુરૂપૂર્ણિમાનો ઉત્સવ હતો. ભીડ પણ વધી ગયેલી. ભગવાન પાસે ગઈ ત્યારે વાતચીત ચાલતી હતી. કોઈ ભાઈને કહ્યુ, ''એક હનુમંત લાલજીકી મૂર્તિ બનવાની હૈ. અનંતપુર મે મંદિર બનવાયેંગે ઔર પ્રતિષ્ઠા કરેગે.'' પેલા ભાઈએ પૂછયુ. ''ભલે ભગવાન, કેટલી ઉંચી બનાવવી છે?'' મારી સાસુ જોઈ બોલ્યા, ''યે રમાકો દેખ લો, ઉસકે જિતની ઉંચી મૂર્તિ બનવાયેંગે.'' ગુરુપૂર્ણિમાનો ઉત્સવ મનાવી ભગવાન સાથે આગળ જવા માટે મોટર દ્વારા નીકળ્યા. વચ્ચે નરસિંહગઢ ડાક બંગલામાં રાત રોકાયા તે વખતે મને બોલાવી પરાણે બીજા ચાર હજાર રૂા. આપ્યા અને બેંકમાં મૂકી દેવા કહ્યુ, ત્યાંથી જયપુર પધાર્યા. મને ઘેર મોકલી. સાથે આવેલ બધાની રસોઈ ગલતાજીમાં બનાવવાની હોવાથી વાસણો વિગેરે લેવાના હતા. ગલતાજીમાં બધાની રસોઈ બની, ત્યાં બા–બાપુજી વિગેરે પણ દર્શને આવેલા તેઓને કહ્યુ, '' અબ યહા સે રમા મેરે સાથ પુષ્કર જાયેગી. જયપુર નહી રહેગી.'' બાપુજીએ કહ્યુ, ''ભલે ભગવાન.'' ભગવાન થોડુ કડક પણ બોલ્યા. નાના ભાઈ પ્રમોદનું આગળ ભણવુ કે ન ભણવુ તે બાબત પૂછતા કહ્યુ કે, ''સુવિધા ન હો તો લોન લેકર ભી ઉસકો પઢાના ચાહિયે.'' મને કહ્યુ, ''ઠીક હૈ રસા, મૈં આજ અભી પુષ્કર જાતા (ક્રમાનુસાર)

# સુખી અને સાર્થક જીવનનું રહસ્ય

## ''મારૂં જીવન સુંગધી બને''

## ''હૃદય મરૂએ અસ્મિતાના દીવડાં હું પ્રગટાવું સાતમના અજવાળે અંતર અંધારા હટાવું...!''

ભગવાને ગીતામાં કહ્યું કે અનન્ય ભાવથી જે મારૂં સ્મરણ કરે છે તેવા કર્મ યોગીઓને મારી પ્રાપ્તિ થાય છે. દરેક સંતોએ ધર્મગ્રંથોએ પુર્નજન્મનો સ્વીકાર કર્યો છે. ઓશોએ પણ પુર્નજન્મ છે તેવું તેમના પ્રવચનમાં કહ્યું છે સાર્થક જીવન માટે પુર્નજન્મમાં શ્રધ્ધા રાખવી જોઈએ.

માનવજીવનમાં જન્મ અને મૃત્યુ એ ચોકકસ છે. તો પછી આ બાબત અંગે સત્ય જાણવું જોઈએ ધર્મગ્રંથો કહે છે કર્મ પ્રમાણે ફળ મળે છે. સારા કર્મ કરવાથી સારૂં ફળ મળે છે. તેથી આપણને મળેલા આ મહામૂલા જીવનને ધન્ય કરવા આદર્શ જીવન જીવવું જોઈએ.

થિયોસોફીના સિધ્ધાંત મુજબ નારક જેવું કોઈ સ્થાન નથી. પરંતુ નરક જેવી સ્થિતિ સારૂં પ્રવિત્ર જીવન જીવો કોઈ ઠડર રાખવાની જરૂર નથી.

જૈન ધર્મ પ્રમાણે જીવનની યાત્રા જૈન ધર્મ જીવન ગતિ ચાર પ્રકારની હોય છે. દરેક ગતિ માટે અલગ અલગ આયુ મર્યાદા હોય છે. માનવ ગતિમાં કયારેક સમય મર્યાદા પૂરી થતા પહેલાં પણ મૃત્યુ થાય છે. તે અકાબ મૃત્યુ ગણાય છે. દેવ અને નારકી ગતિમાં અકાલ અવસાન થતું નથી. મૃત્યુ પછી માનવ પોતાનાં કર્મ પ્રમાણે તે જ ગતિમાં અથવા અન્ય ગતિમાં જાય છે. જૈન સિધ્ધાંત પ્રમાણે કુલ સાત નરક છે. આપણેખ અત્યારે જયાં રહીએ છીએ તે નપ્રભા તેનું નામ રત્નપ્રભા છે. જે પૃણ્યાત્માઓ છે તેઓ મૃત્યુ પછી દેવલોકમાં જઈ સુખ ભોગવે છે. મનુષ્ય લોકને મધ્યલોક પણ કહે છે. આ લોક કરતા પણ ઉપર સ્વર્ગલોક છે. ત્યાં દેવો રહે છે. જૈન ધર્મમાં સોળ પ્રકારના સ્વર્ગ માનવામાં આવે છે. બૌધ્ધ ધર્મ પ્રમાણે સ્વર્ગ અને નરકની ચર્ચા થઈ છે. ભારતનો પ્રાચીન આ ધર્મ ભગવાન તથાગત રચિત ધમ્મપદ ધર્મગ્રંથ પ્રમાણભૂત માનવામાં આવે છે. આ ગ્રંથમાં ભગવાન બુધ્ધે અનેક જગ્યાએ સ્વર્ગ – નરક પાપ–પુણ્ય, સદગતી વગેરે શબ્દનો ઉપયોગ કરી સ્વર્ગ અને નરકની પુષ્ટિ કરી છે. કેટલાક દિવંગત જીવ પુનર્જન્મ પામે છે. પાપી જીવો નરકમાં જાય છે. જે નિત્ય બુધ્ધ છે તે પરમ નિર્વાણ પદને પ્રાપ્ત કરે છે. મુસલમાન ધર્મ કુરાન શરીફમાં અલ્લાહની વાણી નોંધવામાં આવી છે. પરંતુ તેમનો અભ્યાસ કરવામાં આવે તો માહિતી મળે છે. કોઈપણ અધૂરી માહિતી વિશે લખવું યોગ્ય નથી સદષ્ટાંત આપી લેખને વાંચન યોગ્ય બનાવવો છે.



ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા

શ્રી અરવિંદ ઘોષના મત મુજબ જીવાત્માના પુનર્જન્મ પછી ગત જન્મની સ્થિતિ કે સ્મૃતિ ચાલી જાય છે. ખાસ કરીને બાળપણમાં ગતજીવનની સ્મૃતિઓ કેટલાક બાળ કોમાં જોવા મળે છે. ભૌતિક વાતાવરણને લીધે તે સ્મૃતિમાં મુશ્કેલી પડે છે. કેટડલાક જીવાત્માઓ પૂર્વ જન્મના ઘણા સંસ્કારો અને ટેવો સાથે લાવે છે. પરદેશમાં કેટલાક સંશોધકોએ 'મૃતાત્મા સાથેનો સંવાદ' નામે નોંધપાત્ર કામ કર્યુ છે. વૈજ્ઞાનિકોએ પણ આ કામ કર્યુ છે. પંજાબનાં ડો. બેનરજીએ ફરીથી જન્મ પામેલા અને પાછળ જન્મની યાદ હોય તેવા વ્યકિતઓને શોધી એક અભ્યાસ લેખ પ્રગટ કર્યો છે. ભારતીય તત્વજ્ઞાનની દષ્ટિએ પુનર્જન્મનો સિધ્ધાંત મૌલિક છે. શરીરનું મૃત્યુ થાય છે. આત્માનું મૃત્યુ થતું નથી. શરીરનાં મનનાં કર્મો – સંસ્કારો વડે તે જીવ બીજા શરીરમાં જાય છે. જે મૃત્યુ પામે છે તે તેનું શરીર છે. જેમ બીજમાંથી વૃક્ષ અને વૃક્ષનાં બીજથી રૂપાતંરિત થયા કરે છે. માતાપિતાથી બાળકોને જે વગેરે વંશ પરંપરાગત જ મળે છે. જગતમાં ઘણી બાબતો એવી હોય છે કે જેમાં પ્રત્યક્ષ પ્રમાણ હોય નહિ અનુમાન, તર્કથી સાબિત કરી શકાય. ઋગ્વેદમાં લખ્યું છે. કે ''વૃધ્ધાવસ્થા વ્યાપ્ત પાણી જયારે મરણને પ્રાપ્ત થાય છે. ત્યારે ફરીથી તે બીજા જન્મને ગ્રહણ કરે છે. (૧૦,૫૫,૨)

''દેખ લે કાનૂન કુદરત, સબ કે લિયે એક હે,
બાદશાહ હો, યા ફકીર, ખા કે મંઝિલ એક હે'' (કબીર)

આ લેખ શાંતિથી, જ્ઞાનની દષ્ટિથી વાંચજો ખૂબ અઘરો વિષય છે પરંતુ સાર્થક જીવન માટે જરૂરી છે.(અપૂર્ણ)

# ''સમજણ એ જ નારાયણ''

## '' આવ્યા, તમાશો જોયો અને લીન થઈ ગયા, ભૂલી ગયા કે પાછા જવાનુ છે ઘેર પણ'' – શૂન્ય પાલનપુરી

માણસ જીવનભર એ જ ભ્રમમાં રહેતો હોય છે કે તેની પાંસે હજુ પુરતો સમય છે. !! કોઈપણ કાર્ય ભવિષ્યમાં પણ નીરાંતે થઈ શકશે. 'કયા ઉતાવળ છે?!, 'દી' નાં કયા દુકાળ છે?!'' આ જીવનનો સૌથી મોટો ભ્રમ સાબીત થતો હોય છે. અને તેથી જ માણસ માયાના ગળચટા બંધનોમાં એવો વણાતો, વીંટાતો, ગૂંથાતો જાય છે કે સરવાળે જાતથી અને તેની મહતાથી,કર્તવ્યથી અજાણ થતો જાય છે. પરિણામે આવ્યા હતા, તેવી જ રીતે પાછા જવાનું પણ નિશ્ચિત જ છે. એ ભુલાઈ જતુ હોય છે!! કેટલી મોટી વિચિત્રતા ...!! જગતનો ા તમાશો માણસને પોતાપણાનું ભાન જ ભૂલાવી દે.એ કેટલુ મોટુ આશ્ચર્ય ગણાય!! છતા સૌ આ જીવન આ ઘેરા નશામાં જ ચકચૂર રહે છે!! ' શબ્દ ગહન ગંભીરા' સંગ્રહમાં ઉજમશી પરમાર આ વાતને ઉજાગર કરતા લખે છે.

'' છો કોણ, કહો, કયાનાં વાસી? ઉતરમાં તો અંધાર રે, જાગ્યા તો જાતે જડી ગયા.....''જેઓ જાગી ગયા, ભીતરથી સળવળાટને પામી ગયા. તે જ આ માયાના બંધનોમાંથી છુટીને પાર પમી શકે. તે જ જાતથી



યોગેશ ભટ્ટ
(બી.એ.એલ.એલ.બી)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી

લઈને જગત કલ્યાણથી યાત્રા કરી શકે છે. બાકીનાં સઘળા માયાના બંધનોમાં ગૂંચવાઈને ભવાટવીમાં ભટકતા જ રહે છે. ત્યારે સૌને જાગૃત કરતા આ સર્જક લખે છે.

''આઠે આલમ તણા જંતર જો બાજે રે, ધક્કારે ઢમઢમતા ઢોલ, ઢાંકો ઢ ૂંબો તે આમ કયા લગ રે ચાલશે, આવરણો આ તમના ખોલ. સાયબી અને સતમાંથી સારુ શું હોય, હવે જાગીને જાતે જઈ તોલ, આઠે આલમ તણા જંતર જો બાજે રે,ધડકારે ઢમઢમતા ઢોલ.

અનહદના ઉતારે જાવાને કાજ, બધા ઢોળી દે તૃષ્ણાતા તાસ, ખાડાને ટેકરા તો હોય, બધેય, સમથળનો થવા દે ભીતરમાં ભાસ, જાગે આહલકે જેમ અંતરમાં જીવ, એમ ઉડીને આકાશે ડોલ આઠે આલમ તણા જંતર જો બાજે રે, ધડકારે ઢમઢમતા ઢોલ. (નવનીત સમર્પણ–મે–૨૦૦૫)

અહીયા માત્ર જીવનયાત્રાને ગફલતોમાં વહાવી નથી નાખવાની, પણ જાતે જાતને જગાડીને પરમ લક્ષ્ય સિધ્ધ કરવાની જડીબુટી બતાવી છે!!

::નવનીત::

''મનડું જો થઈ જાએ ઠીક, તો જ ટળે સૌ ભવની બીક.''

# ''સ્નેહ હોય કે સન્માન''

આપણે સૌ માણસ તરીકે સંવેદનશીલ છીએ. દરેકને પોતાની સંવેદનાઓ છે ત્યારે દરેકને અન્ય પાસેથી સ્નેહ અને સન્માન મળે એવી અપેક્ષા હોય જ છે. એમાં કોઈ ખોટી વસ્તુ નથી પણ જે અપેક્ષા રાખીએ એ આપવું પણ પડે.

સ્નેહને સન્માનની અપેક્ષા રાખતા પહેલા સ્નેહને સન્માન આપવા પડે. સામે પક્ષે જે જોઈતું હોય એ જ આપવું. આપણે હંમેશા કોઈને કોઈ સવાલ પૂછતા કે કોઈ વાત કહેતા સામે પક્ષે વહાલભર્યા જવાબની અપેક્ષા રાખતા હોઈએ છીએ તો સવાલ પણ એવો જ હોવો જોઈએ, કટાક્ષભર્યો નહીં. કારણ કે વ્યંગભર્યા વેણ કે સવાલો કરીને વહાલભર્યા જવાબની અપેક્ષા રાખો તો નહીં જ મળે. આદર, સન્માન કે સ્નેહ માત્ર પદ, પ્રતિષ્ઠા કે વયને લીધે નથી મળતા, વ્યવહારને લીધે મળે છે. વળી, આજની પેઢી ખરેખર આગળની પેઢીમાને છે એટલી ખરાબ નથી. પણ આજની પેઢી સ્પષ્ટ છે. આજની પેઢીને 'ના' એટલે 'હા' અને 'હા' એટલે 'ના' આવી ગોળ ગોળ વાતમાં નથી માનતી. પરંતુ આજની પેઢીની 'હા' એટલે 'હા' અને 'ના' એટલે 'ના'જ હોય છે. તે સ્પષ્ટ વકા છે, પ્રામાણિક છે.



અનુભૂતિનાં અક્ષરો
– નિધિ મહેતા "ખુશી" અમદાવાદ

તેને 'કોણીએ ગોળ ચોટાડવાનું નથી આવડતું? માત્ર કોઈને સાઢં લગાડવા માટે તે પોતાનું સાઢં વર્તન નથી કરતી. આજની પેઢીને પોતાના તર્ક, પોતાના વિચારો અને પોતાની સમજ છે. એટલે આજના બાળ કને માત્ર વયની દ્રષ્ટિએ કોઈને વંદન કરવાનું કહેવામાં આવશે તો એની સામે એ જે તે વ્યક્તિના વર્તન, વ્યવહાર, વાણી દરેક વસ્તુનું પ્રતિબિંબ હશે ત્યારે એવી વ્યક્તિના વર્તન કે વ્યવ્હારએ આદરને લાયક નહીં હોય તો કદાચ ઘરનાં ઉછેર, મા– બાપના સંસ્કાર અને પોતાના વિવેક પાલન માટે આદર આપશે તો પણ તેના મનમાંએ વ્યક્તિત્વ પ્રત્યેનો આદર નહીં હોય પણ તે વ્યક્તિની વય અને વ્યવહાર વચ્ચેની વિસંગતતા વિશે કેટલાય સવાલો હશે. ત્યારે એ મનથી કયારેય આદર નહીં આપી શકે. વળી દરેક વખતે નવી પેઢીના ઉછેરને દોષ આપી છૂટી જનાર પેઢીએ ભૂલી જાય છે કે આખરે ઉછેર તો એમણે જ કર્યો હોય છે.

તો કયાં ખામી રહી ગઈ? એ પણ એકવાર વિચારવું જોઈએ. કારણ કે ''વયવધવાથી વૃદ્ધ થવાય વડીલ નહીં''. જયારે વાણી, વર્તન અને વ્યવહારમાં વડીલાઈ આવે, નાનામાં નાના બાળક પ્રત્યે પણ સન્માનની દ્રષ્ટિ વિકસે, તેના વિચારોને સન્માનની દ્રષ્ટિએ જોવામાં આવે તો વડીલાઈ આવી ગણાય.

માત્ર વય વધવાથી વડીલ થયા ન કહેવાય. દરેક વખતે નવી પેઢીના નવા વિચારોને દોષ દઈ તેને ખરાબ માની લેવી તે યોગ્ય નથી. સંબંધો કોઈ પણ હોય જો સ્નેહને સન્માનની અપેક્ષાઓ હોય તો એ બંને તરફથી પૂરી થવી જોઈએ. માત્ર વયના વધારાના કારણે સ્નેહ કે સન્માન મળે તો એ બીજી પેઢીની સારી સમજણ ગણીશકાય.

કારણકે આદર, સ્નેહ કે સન્માન માંગવાથી નથી મળ તા. એ વાણી, વર્તન અને વ્યવહારથી કમાવા પડે છે અને એ કમાયા હોય ત્યારે કહેવું નથી પડતું એ આપોઆપ મળ છે.

# સ્વર્ગનું ઝરણું

બરાબર ૬૧મે વર્ષે ગોપાલદાસ પોતાનો નાનકડો બંગલો બંધાવી શકયા. બંગલાનું વાસ્તુ કર્યુ. પહેલી રાત ત્યાં ગા ગાળી, ત્યારે એમના મુખમાંથી ગઝલની પહેલી પંક્તિ કરી પડી.

'બેફામ તો એ કેટલું થાકી જવું પડયું.
નહીંતર જીવનનો માર્ગ છે ઘરથી કબર સુધી.'

બંગલામાં ચારે બાજુ માની મોટા કદની તસવીરો લટકતી હતી. પૂછતા ખબર પડી કે ગોપાલદાસભાઈને મા ખૂબ વહાલી હતી. ત્યારે મા પ્રત્યેની જાત વિશે પૂછતા એમણે રૂમાલથી આખો લૂછી.ધીમા દુ:ખી સ્વરે બોલ્યા,' સાચું કહું તો મારી માને મેં બહુ જ હેરાન કરી હતી. ખૂબ જ દુ:ખ આપ્યું હતું. એટલી હદે મેં એની મમતાનું શોષણ કર્યુહતું. એક દહાડો માએઉઠીને જ શ્રાપ આપ્યો હતો – ગોપાલ તું જ જેટલી મને રોવડાવે છે એટલુ તારા છોકરા તને રોવડાવશે. એ વખતે તું મને યાદ કરજે. જોકે મા આ બધું ગુસ્સામાં બોલી રહી હતી. મા ક્યારેય દીકરાનું બુઢઈચ્છે જ નહીં. જોકે મેં મારા સ્વાર્થ ખાતર માને ઘણી વખત મારી હતી.' ગોપાલભાઈ રડી પડયા.

એની કથા આવી હતી.વિધવા માનું એકનું એક સંતાન તે ગોપાલ. માએગોપાલનેભણાવવાનો પ્રયત્ન કર્યો. પણ તે ભણી શકયો નહીં. પેટના બે ચૂલાનીઆગ ઓલવવા નાનું બાળક સાચવવાનું મોતીકામ, સાડીનેફોલ ચડાવવો વગેરે કામ કરતી. એક જ આશાએ જીવી રહી હતી કે ગોપાલ ભણીગણીને કામે લાગે. પરણે. ઘરમાં વહુ આવે. પછી બે પગ વાળી બેસુ.

૧૨– ૧૩ વર્ષની વયે ગોપાલને એવા ભાઈબંધો મળ્યા કે જે એની જિંદગીને બરબાદ કરવા માટે પૂરતા હતા.સગા સંબંધીઓ ઓળખીતાઓ કુટુંબ પ્રત્યે હમદર્દી દાખવતાપરિવારો પાસે હાથ લંબાવીને જલસા કરતો. એક વખત એના બાપુજીના મિત્રો પાસે જઈને કહ્યું ' મા ખૂબ જ માંદી છે. વૈદે હવે નવી પડીકીઓ આપવાનું બંધ કર્યુછે. કેમકે આગલા પૈસા બાકી છે.'બાપુજીના મિત્ર પૈસા આપે છે.અનેનવલશંકર વેદને ગોપાલની માતાનો દવાનો ખર્ચો આપવાની વાત કરે છે. બે ત્રણ દિવસ પછી બાપુજીના મિત્રને ગોપાલની મા રસ્તામાં મળી ગઈ. માંદગીના સમાચાર પૂછ્યા. ત્યારે દીકરાની વાત સમજાય.

આ છોકરો માનું જીવતર બગાડી રહ્યો છે. તે સમજાયું. કામ ધંધો કરવા મા પોતાની બચત આપે છે. તે પણ મોજ શોખમાંઉડાડી દે છે. ગોપાલે પિતાના બીજા મિત્રો પાસેથી પણ મા મૃત્યુની અણી પર છે એવું નાટક કરી પૈસા માંગ્યા. પિતાના બીજા મિત્રો માતાને મળવા ઘરે આવ્યા ત્યારે ગોપાલનો ભાંડો ફૂટી ગયો. એ રાત્રે માએ પુત્રનો ઉધડો લેતા કહ્યું ,'તું તેમાણસ છે કે કોણ છે? પૈસા માટે તારી માનો મરણ વાંછ્યું.? અરે દીકતા..! મારી સેવા કરે, એના પગ દાબે એને કામે જવા ન દે. ત્યારે તુંએવો દીકરો કેવો નીકળ્યો? ૧૫ વર્ષનો ઢ ાંઢો થયો તોય ન ભણ્યો કે ન ગણ્યો.

માની આરતી પકડવા સિવાય કે બીજું કર્યુ છે શું? તને તો તાઢં પેટ પહોંચશે. એ તાઢં મરણ બગાડશે. તારી લત પોસવા માને મારી નાખવાની ? તને પૈસા જોઈતા હોય તો કામ કરીને મેળવ અરે એ તારાથી ન થાય તો જા કોઈ મંદિર પાસે ત્યાં ઉભો રહે. ભીખમાં મળશે.

એ દિવસે ગોપાલની માતાએ ગોપાલને એટલું સંભળાવ્યું.ગોપાલઉભોઉભો જ સળગી ગયો.એમાં એનાં વાક્ય.' જેણે તને જન્મ આપ્યો છે એને તું મારવા બેઠો છે.'

આ વાકયો ગોપાલના હૃદયમાં ચોટ આપી. એ જ દિવસે ગોપાલે ઘર છોડયું. એ અહીંથી ત્યાં ભટકયો. પેટનો ખાડો પુરવામાંમજૂરી કરી. કાપડના વેપારીને ત્યાં કાપડના તાકા ઉપાડવાની કામગીરી કરી. કાપડની લાઈનમાંથી એ જે કઈ શીખ્યો એના ભવિષ્યના પથ માટે બસ હતું.

માતા જયારે છેલ્લા ાસ લેતી હતી ત્યારે ગોપાલ માની ખબર કાઢવા આવ્યો. માની સેવા ન કરી. પણ એની ચિતાને આગ આપવાનું પુણ્ય કાર્ય કર્યુ.

માનવ મૃત્યુ બાદ ઘરના એક કબાટનાખૂણેથીગોપાલને એક નાનકડો ડબ્બો મળ્યો. ડબ્બામાં માની આજ સુધીની સંઘરેલી નાની બચત, સોનાની બે પાતળી બંગડીઓ અને ચાંદીનો એક મંગળસૂત્ર. સાથે એક ચિઠ્ઠી હતી. ચિઠ્ઠીમાં લખ્યું હતું– ગોપાલનીવહુને આપવું. મારા આશીર્વાદ.

ગોપાલ રડી પડયો. મરતા મરતા એમાં લખ્યું હતું–પુત્રનું કલ્યાણ થાજો.

આજે મા ગઈ. એને શું કર્યુ મા માટે? કશુંય નહીં. માત્ર દુ:ખ નિસાસા, સંતાપ, ચિંતા અને બળાપા સિવાય.એણે એને આપ્યું હતુ શું?

બસ પછી તો ગોપાલ જીવ્યો. કામ ધંધે લાગ્યો. પ્રગતિ કરી. પરણીઓ.

પછી પુત્ર અને એક પુત્રીનો બાપ બન્યો. પણ દરેક પ્રસંગે એ માને સંભારતો રહ્યો. માના આત્માને શાંતિ મળે એ માટે એની દરેક પુણ્યતિથિ એ પૂજા દાન કર્યા. માના પ્રતૃત્વનો પોતાની રીતે તર્પણ કર્યુ. ગોપાલદાસેબંગલાને માનું નામ આપ્યું. કલાપીએ પસ્તાવાને માટે કહ્યું છે – સ્વર્ગનો ઝરણું કહ્યું છે. આ સ્વર્ગનાઝરણાને પોતાના ઘરની દરેક દિવાલ પર રાખ્યું હતું.

'હા પસ્તાવો વિપુલ ઝરણું, સ્વર્ગથી ઉતર્યુ છે. પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે.

–દીપ્તિ પી.રાવલ

# વડિયા ખાતે ''સેમસંગ'' કંપનીના ઉપકરણોનાં યોજાયેલ પ્રદર્શનને પ્રચંડ પ્રતિસાદ



વડિયા ખાતે આવેલ ''અવધ મોબાઈલ એન્ડ ઈલેકટ્રલનીકસ'' શો–રૂમ દ્વારા સેમસંગ કંપનીનાં વિવિધ ઉપકરણોનું ડેમોસ્ટ્રેશન તાજેતરમાં પટેલ વાડી ખાતે યોજાયું હતુ જેમાં સેમસંગ કંપનીના ફ્રિઝની ૧૮૩ થી ૬૫૦ લીટર સુધીની રેન્જ વોશિંગ મશીન ૭ કેજી થી ૧૦ કેજી, એરકંડિશનની વિશાળ શ્રેણી એલઈડી ટીવી, નટરાજ ઘરઘંટીની પણ વિશાળ રેન્જ નિહાળીને સમગ્ર પંથકની જનતા અભિભુત થઈ હતી. ''અવધ મોબાઈલ એન્ડ ઈલેકટ્રલનીકસ'' શો–રૂમ આજુબાજુનાં ૪૦ થી વધુ ગામોનાં ગ્રાહકો માટે આર્શીવાદરૂપ બન્યો છે. કારણ કે ગ્રાહકોને વેચાણ બાદની શ્રેષ્ઠ સર્વિસ આપવામાં આવી રહી છે તો કિંમત પણ વ્યાજબી રીતે લેવામાં આવે છે. શો રૂમ માંથી બીપીએલ, લોઈડ, કેલ્વીનેટર, બોસ નાં પણ ઉપકરણો મળી રહે છે. તેમજ ઓપો, વીવો, કંપનીના મોબાઈલની પણ વિશાળ શ્રેણી મળી રહે છે. શો–રૂમના માલીક જીજ્ઞેશભાઈ મોવલીયા અને તેમની સમગ્ર ટીમ અને કંપનીના ટ્રેઈન સેલ્સ પર્સન અને ટેકનીશ્યન દ્વારા ગ્રાહકોને તમામ જાણકારી આપવામાં આવી હતી.

પાના ૮ ઉપરનું ચાલું

## વડિયા ખાતે યોજાયેલ લોકદરબારમાં

સ્ટેજ પર માત્ર સાંસદ, ધારાસભ્ય, બે તાલુકા પ્રમુખ અને મુખ્ય પાંચ અધિકારી બેસવાની વ્યવસ્થા હતી. જયારે સામે બાજુ અધિકારી, અરજદારો માટે રાખેલ ખુરશીઓ ફુલ થઈ જતાં તાલુકા વિકાસ અધિકારી, મામલતાદર સહિતનાં અધિકારી, ચૂંટાયેલા પદાધિકારી, આગેવાનો, સરપંચો સૌ કોઈને ઉભા રહેવાની પરિસ્થિતિ નિર્માણ થઈ હતી. જયારે પત્રકારો પણ બેસી શકે કે ફોટોગ્રાફી કરી શકે તેમ હતા નહી. જયારે અંદર આવવા માટે જગ્યા નહોતી અને બહાર જવા માટે પણ ભારે કસરત કરવી પડી રહી હતી. જયારે મહિલા અરજદારો પણ ઉભા રહ્યા હતા. આમ ધારણા કરતા વધુ અરજદારો તેમજ સ્નેહમિલન હોય તેમ રાજકીય આગેવાનો પોતાના ટેકેદારો, કાર્યકરો સાથે ઉમટી પડયા હતા. જયારે ૧૦૦ માણસોની વ્યવસ્થા થઈ શકે તેવી જગ્યામાં ૫૦૦ માણસોનું આયોજન તથા અફડાતફડી જેવો માહોલ સર્જાયો હતો. જયારે તાલુકાનાં તમામ સરપંચો, તાલુકા પંચાયતના સદસ્યો, વિવિધ સંગઠનનાં હોદેદારો, કાર્યકરો મોટી સંખ્યામાં બંને નેતાને આવકારવા ઉમટી પડયા હતા. જનસંખ્યા વધી જતાં આયોજકોને ભારે મુસ્કેશીનો સામનો કરવો પડયો હતો. જયારે અધિકારીઓ પણ ઉભા ઉભા થોડા પ્રશ્નોનાં જવાબો આપ્યા હતા.

આમ આયોજનની ખામીને કારણે લોક દરબાર કાર્યક્રમ નિષ્ફળ નિવડયો હતો. જયારે ઘણા અરજદારો પોતાના લેખિત પ્રશ્નો હતા તે કાઉન્ડર પર જમા કરાવીને જતાં રહ્યા હતા. જયારે મોટા ભાગે જમીન, રસ્તા, રોડ, લાઈટ, વીજપોલ, દબાણ તેમજ વિકાસનાં કામોની માંગણીઓનાં મુદા રજુ થયા હતા. જયારે કોઈ સંસ્થાની વાડીમાં આયોજન કર્યુ હોત તો કાર્યક્રમને સફળતા મળત તેવું સૌ કોઈ જણાવી રહ્યા હતા.

## સાવરકુંડલાનાં ખડસલી ગામનાં વૃધ્ધે ઝેરી દવા પી જતા મોત

અમરેલી, તા. ૩

સાવરકુંડલા તાલુકાના ખડસલી ગામે રહેતા જયસુખભાઈ દેવજીભાઈ દોંગા નામનાં ૬૮ વર્ષિય વૃધ્ધને મનમાં નબળા વિચાર આવતા ગત તા.૧ ના આશરે રાત્રે ૮.૩૦ વાગ્યે ખઢસલી ગામની સીમમાં પોતે પોતાની જાતે ખડ બાળવાની ઝેરી દવા પી જતા સારવાર દરમિયાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## કોઈપણ સફળ પુરૂષની પાછળ

મંજૂરી હુકમ એનાયત કરવામાં આવ્યા હતા. નોકરીદાતાઓનું સન્માન કરવામાં આવ્યુ હતુ.

મહિલા સ્વાવલંબન દિવસની ઉજવણી પ્રસંગે સાવરકુંડલા–લીલીયા વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ જણાવ્યુ કે, માનવસમાજના ઈતિહાસમાં સામાજિક ક્ષેત્રે મહિલાઓનું અમૂલ્ય યોગદાન છે. કોઈપણ સફળ પુરૂષની પાછળ મહિલાની ભૂમિકા અગત્યની છે. તેમણે ઉમેર્યુ કે, દરેક ક્ષેત્રમાં મહિલાઓ આગળ વધી રહી છે. કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ મહિલાલક્ષી યોજનાઓનો લાભ લાભાર્થી સુધી પહોંચી રહ્યો છે. તેમણે સરકારની ડ્રોન દીદી યોજના વિશે જણાવ્યુ હતુ. કાર્યક્રમમાં જિલ્લાના નોકરી દાતાઓ, જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારી, જિલ્લા રોજગાર અધિકારી સહિત બહોળી સંખ્યામાં મહિલાઓ અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## લગ્ન કરવાની લાલચ આપીને અમરેલીનાં મેડી ગામની તરૂણીનું અપહરણ કરાતાં ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૩

અમરેલી તાલુકાના મેડી ગામે રહેતા જગુભાઈ માવજીભાઈ ચૌહાણે ગત તા. ૩૧ના સાંજે ૬:૩૦થી ૭ વાગ્યા દરમ્યાન એક સગીરવયની દિકરી ભોગ બનનાર ઉ.વ.૧૭, ૧૧ મહિના વાળીને લલચાવી ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી, તેની સાથે ગંદુ કામ કરવાના ઈરાદે, ફરિયાદી બહેનના કાયદેસરના વાલીપણામાંથી ઘરેથી અપહરણ કરી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીનાં લીલાનગરમાં

દરવાજામાંથી બહાર ભાગી જતા આરોપીએ પાછળ દોડી તેણીને પકડી લઈ તેણીના બન્ને હાથ પાછળના ભાગે પકડી ગુન્હાહીત બળ વાપરતા ભોગ બનનાર પડી જતા આરોપી ભાગી ગયાની ભોગ બનનારની માતાએ આરોપી સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીની શાંતાબા મેડિકલ કોલેજનાં

તથા હાઉસીંગબોર્ડ સોસાયટીના રહીશોનાં દરવાજા પાસે ગેરકાયદેસર દિવાલ ચણેલ છે.તદઉપરાંત દુરદર્શન કેન્દ્ર પાસેથી હાઉસીંગબોર્ડ તરફ જતો તથા એસ.ટી.ડેપો તરફ જવાનો રસ્તો બંધ કરી દીધેલ છે.જેના કારણે ત્યાંના રહીશોને અવર–જવર માટે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

ઉપરોકત વિગતની રજુઆત સબબ સિવિલ સર્જનશ્રી એ તેમના તા.૮/૩/૨૦૧૯નાં પત્ર થી હાઉસીંગબોર્ડ સોસાયટીના રહીશોને જણાવ્યા મુજબ સિવિલ હોસ્પિટલનાં આર.એમ.ઓ.,વહીવટી અધિકારી તથા પી.આઈ.યુ.ના એન્જીનીયરના સંયુકત સ્થળ પરીક્ષણ દરમ્યાન તમો દ્વારા દબાણ જણાતુ હોવાનું જણાય છે. જે અંગે કલેકટરની કચેરીનાં પત્ર નં.ચિ/જમન/૨/વશિ/૫૦૯૬/૧૯/ તા.૨૯/૪/૨૦૧૯ ની વિગતે તમોના દબાણ દુર કરવા કાર્યવાહી કરવા અત્રેની કચેરીને સુચના આપેલ છે.

આથી તમોને આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે, કે આ નોટીસ મળ્યે થી દિન–૧૫માં તમોના દબાણ દુર કરી અત્રે જાણ કરશો. અન્યથા તમોના ખર્ચ, જોખમે અને જવાબદારીએ તમોના દબાણ દુર કરવામાં આવશે. તેમ અંતમાં જણાવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલી જીલ્લામાં સૌથી વધુ ઊંચાઈ ધરાવતાં

ભરાયો હોવાના ખોડીયાર ડેમ આજે સવારે કુલ ૮૦% જેટલો ભરાયો હોવાના ખોડીયાર ડેમના નીચેના વિસ્તારમાં આવેલ અમરેલી જીલ્લા ધારી તાલુકાના ધારી, આંબરડી, ભરડ, પાદરગઢ તથા બગસરા તાલુકાના હાલરીયા, હુલરીયા, અમરેલી તાલુકાના સંરભડા, નાના માંડવડા, મેડી, તરવડા, બાબાપુ, વાંકીયા, ગાવડકા, તથા પીઠવાજળ, વિઠલપુર, મોટા ગોખરવાળા તેમજ નાના ગોખરવાળા લીલીયા તાલુકાના કણકોટ, આંબા, ક્રાંકચ, બવાડા, બવાડી, ઈંગોરાળા, શેઢાવદર, લોકા, લોકી તથા સાવરકુંડલા તાલુકાના બોરાળા, જુના સાવર, ખાલપર, આંકોલડા, મેકડા, ફિકાદ, ધોબા, પીપરડી સહિત ૪૦ જેટલા ગામોને એલર્ટ કરાયા છે. તથા ખોડીયાર ડેમના નીચેના વિસ્તારમાં નદીના પટ કે કાઠા વિસ્તારમાં કોઈએ અવરજવર ન કરવા પણ ચેતવણી આપવામાં આવી છે.

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ કે.વી. કેશરીયા**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **મનિષાબેન મહેશભાઈ વઘાસીયા** રહે. અમરેલીવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

અમરેલી કેરીયા રોડ, તુલસી પાર્ક–૨
રે. સર્વે.નં. ૩૦૯/૭ પૈકી ૧, ૩૦૯/૭ પૈકી ૨ બીનખેતી પ્લોટ નં. ૨ પૈકી
જેના ચો.મી. ૧૦૬–૦૫
રજી. દસ્તાવેજ નં. ૨૭૦૪ તારીખ : ૧૫/૦૭/૨૦૧૬

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ અંકેશકુમાર જયંતિભાઈ ડોબરીયા રહે. અમરેલીનાં કુલમુખત્યાર જયંતિભાઈ નાગજીભાઈ ડોબરીયા રહે. અમરેલી વાળા પાસેથી ઉપરોકત રજી. વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે. જે વેચાણ દસ્તાવેજ અંગેનું કુલમુખત્યારનામું તા. ૨૭/૧૧/૨૦૧૫નાં રોજ આપવામાં આવેલ હતું. જે કુલમુખત્યારનામું ઉપરોકત રજી. વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતું.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૦૩/૦૮/૨૦૨૪
પહેલો માળ, ટ્રેડ સેન્ટર
કલેકટર ઓફિસ પાછળ, અમરેલી.

**કે.વી. કેશરીયા**
એડવોકેટ

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૮૭ | ૧૨૦૦ |
| ૨ | શિંગ મોટી | ૧૦૫૧ | ૧૨૨૫ |
| ૩ | શિંગદાણા | ૧૦૦૦ | ૧૬૨૨ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૩૦૦ | ૧૫૩૮ |
| ૫ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૫૩૨ |
| ૬ | તલ કાળા | ૩૦૦૦ | ૩૫૩૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૫૨૧ | ૩૫૨૧ |
| ૮ | બાજરો | ૪૮૪ | ૫૦૧ |
| ૯ | જુવાર | ૩૦૦ | ૭૯૨ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૭૦ | ૫૯૧ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૯૦ | ૫૪૬ |
| ૧૨ | મગ | ૧૪૬૦ | ૧૬૭૮ |
| ૧૩ | ચણા | ૯૯૦ | ૧૩૩૩ |
| ૧૪ | ચણા દેશી | ૧૨૯૭ | ૧૨૯૭ |
| ૧૫ | કપાસ | ૯૫૦ | ૧૫૪૮ |
| ૧૬ | એરંડા | ૮૮૦ | ૧૧૭૪ |
| ૧૭ | જીરૂ | ૩૬૭૦ | ૪૮૦૦ |
| ૧૮ | ધાણા | ૧૦૭૫ | ૧૩૨૦ |
| ૧૯ | વરીયાળી | ૧૨૫૫ | ૧૨૫૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૪૦ | ૧૫૩૩ |
| ૨ | મગફળી | ૪૧૭૫ | ૪૯૦૦ |
| ૩ | જીરૂ | ૪૫૦ | ૫૧૪ |
| ૪ | ઘઉં | ૨૩૮૫ | ૨૪૧૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૫૭૦ |
| ૨ | જીરૂ | ૩૦૦૦ | ૪૩૦૦ |
| ૩ | કપાસ | ૧૨૦૦ | ૧૫૫૦ |
| ૪ | ઘઉં લોકવન | ૫૧૧ | ૫૩૪ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૨૫ | ૫૭૯ |
| ૬ | બાજરો | ૪૫૧ | ૫૨૦ |
| ૭ | જુવાર | ૭૧૭ | ૭૫૬ |
| ૮ | મગ | ૧૪૮૧ | ૧૫૦૦ |
| ૯ | ચણા | ૧૨૨૨ | – |
| ૧૦ | એરંડી | ૯૫૧ | – |
| ૧૧ | સોયાબીન | ૭૮૮ | ૭૯૯ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ચણા | ૧૧૭૫ | ૧૨૯૩ |
| ૨ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૦૪ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૦૦ |
| ૪ | સોયાબીન | ૬૭૦ | ૭૯૮ |
| ૫ | તલ સફેદ | ૧૯૩૫ | ૨૩૦૦ |
| ૬ | ધાણા | ૧૧૪૦ | ૧૨૨૫ |
| ૭ | રાય | ૯૯૫ | ૯૯૫ |
| ૮ | શીંગદાણા | ૧૫૪૦ | ૧૫૪૦ |
| ૯ | જુવાર | ૭૫૦ | ૭૫૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ૨ | તલ સફેદ | ૨૧૮૦ | ૨૪૨૬ |
| ૩ | તલ કાળા | ૩૩૫૧ | ૩૩૫૧ |
| ૪ | કપાસ | ૧૩૦૦ | ૧૫૨૫ |
| ૫ | બાજરો | ૪૮૦ | ૫૦૫ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૬૫ | ૫૬૮ |
| ૭ | જુવાર | ૬૦૦ | ૭૧૫ |
| ૮ | મકાઈ | ૪૬૧ | ૪૬૧ |
| ૯ | ચણા | ૧૨૦૦ | ૧૨૮૦ |

# અમરેલીની કલેકટર કચેરી ખાતે સાંસદ, નાયબ દંડકનો લોક દરબાર યોજાયો



સાંસદ ભરતભાઈ સુતરિય અને નાયબ મુખ્ય દંડક કૌશિકભાઇ વેકરીયાની ઉપસ્થિતિમાં અમરેલી તાલુકાના પ્રજાજનો માટે લોકદરબાર યોજાયો હતો. અમરેલી તાલુકાના વિવિધ ગામોના સરપંચઓ સહિતના લોકોએ જનહિતના પ્રશ્નોની ૩૯ રજૂઆતો કરી હતી. અમરેલી જિલ્લા કલેકટર કચેરી ખાતે કલેકટર અજય દહિયાની ઉપસ્થિતિમાં મળેલા આ લોક દરબારમાં રસ્તા, પીવાના પાણી, પૂર સંરક્ષણ દિવાલ, સિંચાઈ, મતદારયાદી, વીજળી, સેની યોજના, રેલવે લાઈન સહિતના લોકોને સ્પર્શતા પ્રશ્નોની રજૂઆતો પદાધિકારીઓ અને અધિકારીઓએ સાંભળી હતી. આ રજૂઆતો સંદર્ભે કલેકટરએ સંબંધિત અધિકારીઓને રજૂ થયેલા પ્રશ્નોના નિવારણ માટે જરૂરી માર્ગદર્શન આપવાની સાથે સમય મર્યાદામાં પ્રશ્નોને ઉકેલવા માટે સૂચનાઓ આપી હતી. નાયબ મુખ્ય દંડક કૌશિકભાઇ વેકરિયાએ પણ પ્રજાકીય પ્રશ્નો ઉકેલવા માટે અધિકારીઓને સ્થળ મુલાકાત કરવા સહિતના સૂચનો કર્યા હતા. સાંસદ ભરતભાઈ સુતરિયાએ પણ પ્રજાકીય પ્રશ્નોના નિવારણ માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ લોકદરબારમાં તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ કાનપરિયા, જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના ચેરમેન મુકેશભાઈ બગડા, જિલ્લા પંચાયતના સદસ્ય સુરેશભાઈ પાથર, પ્રાંત અધિકારી એમ. જે. નાકિયા, માર્ગ અને મકાન, પીજીવીસીએલ, સિંચાઈ સહિતની કચેરીઓના અધિકારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

### જિલ્લા નિવાસી અધિક કલેકટરનાં અધ્યક્ષ સ્થાને

# અમરેલી ખાતે હર ઘર ત્રિરંગા કાર્યક્રમનાં સુચારૂ આયોજન સંદર્ભે બેઠક યોજાઈ

**જિલ્લાના પ્રત્યેક ઘર, સહકારી, શૈક્ષણિક સંસ્થાઓ, ઔદ્યોગિક અને ખાનગી એકમો વેપારી દ્વારા ત્રિરંગો લહેરાવી દેશભકિતના રંગે રંગાવા આહ્વાન**

અમરેલી, તા. ૦૩

દેશના સ્વાતંત્ર્ય પર્વે પૂર્વે સમગ્રદેશ, રાજયઅનેઅમરેલી જિલ્લો દેશભક્નિારંગેરંગાશે. સમગ્રજિલ્લામા 'હર ઘર તિરંગા'અભિયાન અંતર્ગત નાગરિકોઘરેઘરેતિરંગો લહેરાવેતેમાટે કવાયત હાથ ધરવામાં આવશે. આ કાર્યક્રમના સુચાઢ આયોજન માટે જિલ્લા અને તાલુકાના અધિકારીઓને માર્ગદર્શન આપવાના હેતુથી અમરેલી જિલ્લાસેવાસદનખાતેનિવાસીઅધિક કલેકટરદિલીપસિંહ ગોહિલનાઅધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી.

આબેઠકમાંપ્રાંતઅધિકારી અને તાલુકાના સર્વે અધિકારીઓને વિડિયો કોન્ફરન્સના માધ્યમથી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

નિવાસી અધિક કલેકટરએ કહ્યુ કે, આગામીસ્વાતંત્ર્ય પર્વ પૂર્વે ગત વર્ષની જેમ 'હર ઘર તિરંગા' અભિયાન યોજાશે. જિલ્લાના એક એક ગામ, તાલુકા અને શહેરમાં શાનથી તિરંગો લહેરાવી નાગરિકોને રાષ્ટ્રભક્તિમાં સ્વંયભૂ જોડાવા માટે અનુરોધ છે. આ કાર્યક્રમ માટે સંબંધિત અધિકારીઓએ આયોજન કરવાનું રહેશે. જિલ્લાના પ્રત્યેક ઘર, સહકારી, શૈક્ષણિક સંસ્થાઓ,ઔદ્યોગિક અને ખાનગી એકમો, વેપારીઓ દ્વારા તિરંગો લહેરાવામાંઆવે તેમાટે જરૂરીવિગતો અને માર્ગદર્શન પહોંચાડવાનું રહેશે.

તેમણે ઉમેર્યુ કે, દેશભક્તિની થીમ પર 'તિરંગા યાત્રા' સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમોયોજવામાંઆવશે. આ કાર્યક્રમ માટેની વિગતવાર તૈયારી તેમજ સૂચના પણ આગામી સમયમાં આપવામાં આવશે.

બેઠકમાં નિવાસી અધિક કલેકટરએ જિલ્લાના તેમજ તાલુકાના અધિકારીઓને તેમણે કરવાની થતી કામગીરી અંગે માર્ગદર્શન આપ્યું હતું. બેઠકમાં જિલ્લા ગ્રામવિકાસએજન્સીના નિયામક, નાયબ પોલીસ અધિક્ષક(મુખ્ય મથક), જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ઉપરાંત અન્ય કચેરીઓના અધિકારીશ્રીઓ અને કર્મયોગીઓ જોડાયા હતા.

### શ્રી લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા

# અમરેલીનાં નાગનાથ મંદિરથી આજે ભોજલરામ પદયાત્રાનો પ્રારંભ

**પદયાત્રામાં ધાર્મિકજનોને જોડાવવા અનુરોધ**

અમરેલી, તા. ૩

શ્રી લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ અમરેલી દ્વારા નાગનાથ મહાદેવ મંદિર પાસેથી ભોજલ રામ મંદિરે આરતિ/પુજન કરી ડો.જીવરાજ મહેતા ચોક અમરેલી,ભીડભંજન મહાદેવ, જલારામ મંદિર, હિરામોતી ચોક, સરદાર ચોક,ચકકરગઢ રોડ થઈ સાવરકુંડલા બાયપાસ થી ''ભોજલ ધામ'' ફતેપુર – પ.પૂ.ભોજલરામ બાપાની જગ્યામાં પ.પૂ. ભોજલરામ બાપાના રથ સાથે લેઉવા પટેલ સમાજ અમરેલી દ્વારા બપોરે ૩:૩૦ કલાકે '' ભોજલધામ પદયાત્રા '' આયોજીત કરેલ છે. તો આ પદયાત્રામાં જોડાવા સમાજના દરેક પરિવારને આમંત્રીત કરવામાં આવે છે.

### એડવોકેટ કિરણ રૂપારેલીયા, નિરલ રૂપારેલીયા સહિતના એડવોકેટની દલીલો સફળ રહી

# રાજકોટ : ચેક રીર્ટન કેસોમાં આરોપી ધાર્મિક પીપળવાને એક વર્ષની સજા અને ચાર લાખનું રકમ વળતર તરીકે ચુકવવાનો હુકમ કરતી કોર્ટ

અમરેલી, તા. ૩

ફરીયાદીની ફરીયાદ મુજબની હકીકત ટુંકમાં જોવામાં આવે તો,ફરીયાદી અને આરોપી બન્ને મીત્રો છે, આ કામના આરોપીને તેમના અંગત જરૂરીયાત માટે રકમ રૂ.૫ લાખની જરૂરીયાત હોય તેથી તેઓએ મિત્રતાની રૂએ ફરીયાદી પાસે સંબંધના દાવે રકમ રૂ.૫ લાખની માંગણી કરેલ,ફરીયાદીએ આરોપીના વચન, વિશ્વાસ ઉપર ભરોસો રાખી આરોપીને રકમ રૂ. ૫ લાખ બેંક ટ્રાન્સફરથી હાથ ઉછીના આપેલ, આ કામના આરોપીએ હાથઉછીના લીધેલ રકમ ફરીયાદીને પરત ચુકવવા આરોપીએ તેમના ખાતાવાળી એકસીસ બેંક રાજકોટના ચેક નં. ૦૪૯૯૮૯ તા.૧/૧૦/૨૦૧૮ના રોજનો રકમ રૂ.૫ લાખનો પુરાનો ચેક ફરીયાદીને આપેલ, સદર હું ચેક ફરીયાદીએ તેમના ખાતામાં જમા કરાવતા, સદર હું ચેક ''ડ્રોઅર સીગ્નેચર ડીફર''ના શેરા સાથે વગર વસુલે પરત ફરેલ હતો.

તેથી ફરીયાદી નીખીલ જયંતીલાલ વાછાણીએ ચેક મુજબની રકમ ચુકવવા આ કામના આરોપી ધાર્મીક રમેશભાઈ પીપળવાને લીગલ નોટીસ આપેલ, તેમ છતા આરોપી ધાર્મીક રમેશભાઈ પીપળવા ફરીયાદીને નાણા પરત કરેલ નહી કે નોટીસનો જવાબ પણ આપેલ નહી, તેથી આ કામના ફરીયાદીએ નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળ ચેક રીટર્નની કોર્ટમાં ફોજદારી ફરીયાદ કરેલ હતી,સદર હું ફરીયાદના કામે આરોપીએ કોર્ટમાં હાજર થયેલ અને પોતાનો બચાવ કરેલ કે ફરીયાદીએ ચેકમાં મારી ખોટી સહી કરી બેંકમાં રજુ કરી રીર્ટન કરાવેલ છે,તેવા ઘણા બચાવ લીધેલ પરંતુ આરોપીએ પોતાના બચાવને સમર્થન કરતો કોઈ પુરાવો કોર્ટ સમક્ષ રજુ કરેલ નહી તેમજ કોર્ટએ આરોપી અલગ–અલગ સહીઓ કરે છે, તેવુ એવીડેન્સ એકટની કલમ ૭૩ અન્વયે સહીઓ કમ્પેર કરી તારણ કાઢેલ છે, તેથી કોર્ટએ આરોપીએ નેગો એકટની કલમ–૧૩૯નુ રીબર્ટન પુરાવો આરોપીએ રજુ કરેલ નથી તેમ માની આરોપીને તા.૨/૮/૨૦૨૪ના રોજ તકસીરવાન ઠરાવેલ છે, ત્યાર બાદ રાજકોટના સ્મોલ કોઝ કોર્ટ તથા એડી.ચીફ.જયુ.મેજી.સી.પી.ચારણએ કેસનો પુરાવો ચકાસી અને આ કામના આરોપીને ચેક રીટર્નના કેસમાં તકસીરવાન ઠરાવી આરોપીને એક વર્ષની સાદી જેલની સજા અને ચેક મુજબની રકમ રૂ.૫ લાખ પુરા માહેથી આરોપીએ અગાઉ વચગાળાના કામે જમા કરાવેલ રકમ રૂ.૧ લાખ પુરા મજરે આપી બાકી રહેતી રકમ રૂ.૪ લાખ પુરા વળતર તરીકે બે માસમાં ફરીયાદીને ચુકવવા હુકમ કરેલ છે. અને સદર હું વળતરની રકમ આરોપી ન ચુકવે તો વધુ એક માસની સાદી કેદની સજાનો હુકમ કરેલ છે. સદર હું કેસમાં ફરીયાદી વતી વિદવાન વકીલ કિરણભાઈ રૂપારેલીયા, કૌશીક સોઠા, નિરલ કે. રૂપારેલીયા તથા મનોજ સોલંકી રોકાયેલ હતા.

# ગુજરાતમાં આગામી સાત દિવસ પડશે ભારે વરસાદ

**ગુજરાતમાં સુરત, નવસારી, વલસાડ, દમણમાં રેડ એલર્ટ આપવામાં આવ્યું છે બનાસકાંઠા, સાબરકાઠા, દાહોદમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી**

અમદાવાદ,તા. ૩

આજે દક્ષિણ ગુજરાતમાં સુરત, નવસારી, વલસાડ, દમણમાં રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. બનાસકાંઠા, સાબરકાઠા, દાહોદમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છેપ

રાજ્યમાં આગામી સાત દિવસ વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદમાં આજે ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે દક્ષિણ ગુજરાતમાં સુરત, નવસારી, વલસાડ, દમણમાં રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. બનાસકાંઠા, સાબરકાઠા, દાહોદમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે સવારે ૬ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધી રાજ્યમાં ૧૩૯થી વધુ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. આવતીકાલે સુરત, નવસારી, તાપીમાં અતિ ભારે વરસાદ પડશે તેવી આગાહી કરવામાં આવી છે. ૫ ઓગસ્ટે વલસાડ, ડાંગ, દાદરા નગર હવેલી, સૌરાષ્ટ્ર, સુરેન્દ્રનગર, રાજકોટમાં ભારે વરસાદની આગાહી કરાઈ છે. અમરેલી, ભાવનગર, ગીર સોમનાથમાં અતિ ભારે વરસાદ પડશે તેમ જણાઈ રહ્યું છે. આગામી ૩ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. રાજ્યમાં ગાજવીજ સાથે વરસાદ પડશે. ૪, ૫ અને ૬ ઓગસ્ટે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.રાજ્યમાં સિઝનનો સરેરાશ ૬૩ ટકા વરસાદ નોંધાયો છે. સૌથી વધુ કચ્છ ઝોનમાં ૮૬ ટકા વરસાદ, સૌરાષ્ટ્રમાં ૭૬, દ.ગુજરાતમાં ૭૩ ટકા, ઉ.ગુજરાતમાં ૪૫, મધ્ય ગુજરાતમાં ૪૪ ટકા વરસાદ નોંધાયો છે.

### ગૃહ વિભાગે જાહેર કર્યો પરિપત્ર

# ગુજરાત પોલીસમાં હવે આસિસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટરની ભરતી નહીં થાય

**DG કચેરીએ તમામ પોલીસ અધિકારીઓને મોકલી આપ્યો પરિપત્રઃ હવે આસિસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટરની ખાલી રહેલી જગ્યા બઢતી આપીને જ ભરાશે**

ગાંધીનગર, તા.૩

રાજ્ય પોલીસ દળમાં બિનહથિયારી એ.એસ.આઈ. સંવર્ગની ખાલી જગ્યાઓ માત્ર બઢતી દ્વારા ભરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગૃહ વિભાગ દ્વારા જાહેર કરાયેલા આદેશ મુજબ હાલમાં ખાલી પડેલી બિનહથિયારી એ.એસ.આઈ.ની જગ્યાઓ ભરવા માટે હેડ કોન્સ્ટેબલ સંવર્ગમાંથી યોગ્ય ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. આ અંગેની પ્રક્રિયા ૩૦મી ઓગસ્ટ સુધી પૂર્ણ કરવા જણાવાયું છે. રાજ્યના તમામ પોલીસ વડાઓને આ અંગે જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. તેઓએ પોતાના અધિકારક્ષેત્ર હેઠળની કામગીરી પૂર્ણ કરીને ૩૧મી ઓગસ્ટ સુધીમાં અહેવાલ સબમિટ કરવાનો રહેશે. આ નિર્ણયથી પોલીસ દળમાં અનુભવી કર્મચારીઓને વધુ જવાબદારી મળશે અને તેમની પ્રગતિના માર્ગ મોકળાશે તેવી આશા સેવાય છે. આ મામલે હવે વિરોધ પણ થઈ રહ્યો છે. કોંગ્રેસ નેતા ગુલાબસિંહ રાજપૂતે ટ્વીટ કરીને વિરોધ નોંધાવ્યો છે.

ગુલાબસિંહ રાજપૂતે ટ્વીટમાં લખ્યું છે કે, ''આસિસટન્ટ સબ ઈન્સ્પેકરની સીધી ભરતી બંધ કરવાનો સરકારનો નિર્ણય યુવાન વિરોધી છે.... અનુભવીને પ્રમોશન આપવા ઘણી જગ્યાઓ ખાલી છે આપી શકાય તેમ છે. ઘણા બધા પોલીસ કોન્સ્ટેબલ અને હેડ કોન્સ્ટેબલ ઘણા લાંબા સમયથી તેમના ઉપલા વર્ગના પ્રમોશનથી વંચિત છે. પરંતુ આ નિર્ણયથી તનતોડ મેહનત કરતા યુવાન ની મજાક સમાન છે ડાયરેક્ટ રીકૃટમેન્ટ બંધ કરી ગુજરાતના મેહનતકસ યુવાનો પાસેથી તક છીનવવાનો નિર્ણય ડાયરેક્ટ એ.એસ.આઈ વધુ પ્રમોશન મેળવી ને ઉપરની કેડરને ખલેલ ન પહોંચાડે તેવા હેતુથી લેવાયેલ હોવાની પૂરી શક્યતા છે.. આવા નિર્ણય ગુજરાતના સૂતેલા યુવાન માટે એલાર્મ સમાન છે...'' આસિસટન્ટ સબ ઈન્સ્પેકર ની સીધી ભરતી બંધ કરવાનો સરકારનો નિર્ણય યુવાન વિરોધી છે. અનુભવીને પ્રમોશન આપવા ઘણી જગ્યાઓ ખાલી છે આપી શકાય તેમ છે. ઘણા બધા પોલીસ કોન્સ્ટેબલ અને હેડ કોન્સ્ટેબલ ઘણા લાંબા સમયથી તેમના ઉપલા વર્ગના પ્રમોશનથી વંચિત છે.

ગુજરાત સરકારે આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર (ASI)ની સીધી ભરતી બંધ કરવાનો નિર્ણય લીધો છે, જેના કારણે રાજ્યભરના યુવાનોમાં નારાજગી જોવા મળી રહી છે. આ નિર્ણયને યુવાન વિરોધી ગણાવવામાં આવી રહ્યો છે. સરકારના આ પગલાં પાછળનું કારણ અનુભવી પોલીસકર્મીઓને પ્રમોશન આપવાનું હોવાનું જણાવવામાં આવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઘણા પોલીસ કોન્સ્ટેબલ અને હેડ કોન્સ્ટેબલ લાંબા સમયથી તેમના ઉપલા વર્ગના પ્રમોશનથી વંચિત રહ્યા છે અને આ નિર્ણય તેમને લાભ આપવા માટે લેવાયો છે. પરંતુ આ નિર્ણયની યુવાનો દ્વારા કડક આલોચના કરવામાં આવી રહી છે. તેઓનું કહેવું છે કે આ નિર્ણય તનતોડ મહેનત કરતા યુવાનોની મજાક સમાન છે. ડાયરેક્ટ રિક્રુટમેન્ટ બંધ કરવાથી ગુજરાતના મહેનતકશ યુવાનો પાસેથી તક છીનવી લેવામાં આવી રહી છે. કેટલાક નિષ્ણાતોનું માનવું છે કે આ નિર્ણય પાછળનો હેતુ ડાયરેક્ટ ASI ભરતી દ્વારા આવેલા અધિકારીઓ વધુ પ્રમોશન મેળવીને ઉપરની કેડરને અસર ન કરે તે હોઈ શકે છે.

### સપ્ટેમ્બર-૨૦૨૪ના અંત સુધીમાં પ્રક્રિયા પૂર્ણ કરાશે

# રાજયમાં આગામી ડિસેમ્બરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાશે

**વિસાવદર અને વાવ વિધાનસભાની ખાલી પડેલી બે બેઠકો માટે પણ ચૂંટણી યોજાય તેવી સંભાવના છે**

ગાંધીનગર, તા.૩

ગુજરાત રાજ્યમાં મિની વિધાનસભા તરીકે ઓળખાતી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ડિસેમ્બર મહિનામાં યોજાવાની છે. ૨૭% ઓબીસી અનામતની અમલવારી સાથે યોજાનારી આ ચૂંટણી ઐતિહાસિક બની રહેશે. ઓગસ્ટના મધ્ય ભાગમાં આ અંગેના જાહેરનામા પ્રસિદ્ધ કરવામાં આવશે, જેમાં એક મહિના સુધી વાંધા અને સૂચનો મંગાવવામાં આવશે. સપ્ટેમ્બરના અંત સુધીમાં આ માટેની તમામ જરૂરી પ્રક્રિયાઓ પૂર્ણ કરાશે. ઓક્ટોબર અને નવેમ્બર મહિનામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટેના જાહેરનામા પ્રસિદ્ધ કરીને ડિસેમ્બર મહિનામાં આ ચૂંટણી યોજવાની તૈયારી શરૂ થઈ ગઈ છે.

આ ચૂંટણીમાં ૨૭% ઓબીસીની અનામત બેઠકો સાથે ૭% એસસી અને ૧૪% એસટીની અનામત સાથે કુલ ૪૮% અનામત બેઠકો તથા ૫૨% જનરલ બેઠકો માટે ચૂંટણી યોજાશે. રાજ્ય ચૂંટણી પંચ ઓગસ્ટના મધ્ય કે અંત સુધીમાં જાહેરનામું બહાર પાડશે. ત્યારબાદ એક મહિના માટે વાંધા અને સૂચનો મંગાવાશે.

આગામી સપ્ટેમ્બર-૨૦૨૪ના અંત સુધીમાં આ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે અને ચૂંટણીની જાહેરાત કરાશે. વિસાવદર અને વાવ વિધાનસભાની ખાલી પડેલી બે બેઠકો માટે પણ ચૂંટણી યોજાય તેવી સંભાવના છે. હમણાંના રાજ્ય ચૂંટણી કમિશનર, નિવૃત્ત આઈએએસ અધિકારી સંજય પ્રસાદની મુદત ૨ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ પૂર્ણ થઈ રહી છે, એટલે નવા ચૂંટણી કમિશનરની નિમણૂંક કરવાની તજવીજ કરવી પડશે. તાજેતરમાં નિમણૂંક પામેલા રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી એસ. મુરલી કૃષ્ણને આ જવાબદારી સોંપવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે.

રાજ્યની ૮૦ નગરપાલિકા, ખેડા અને બનાસકાંઠા જિલ્લાના ૨ જિલ્લાપંચાયતો, ૧૭ તાલુકા પંચાયતો અને ૫૩૯ નવી ગ્રામ પંચાયતો સહિત કુલ ૪૭૬૫ પંચાયતોમાં છેલ્લા બે વર્ષથી બાકી રહેલી ચૂંટણીઓ ઉપરાંત અન્ય સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં સભ્યોના રાજીનામા કે મૃત્યુને કારણે ખાલી પડેલી બેઠકો પર પણ ચૂંટણી યોજાય તે દિશામાં રાજ્ય ચૂંટણી પંચે તૈયારીઓ શરૂ કરી છે.

ગુજરાતમાં આ ચૂંટણીનો મુખ્ય વિલંબ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ઓબીસી માટે ૧૦% અનામતની વ્યવસ્થા હતી, જેને કારણે વિવાદો સર્જાતા હતા. હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિ કે.એસ. ઝવેરીના અધ્યક્ષસ્થાને એક સમિતિની રચના કરી, જેનો અહેવાલ રાજ્ય સરકારને સુપરત કરવામાં આવ્યો હતો. તેની ભલામણો મુજબ સરકારએ ઓબીસી અનામત ૧૦%થી વધારીને ૨૭% કરવાનો નિર્ણય લીધો છે.

આ પંચના અહેવાલના આધારે, નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩, ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ અને ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૯૪માં સુધારા કરીને અનામત આપવા માટેના વિધેયકો વિધાનસભામાં મંજૂર થયા છે.

રાજ્યપાલે પણ આ વિધેયકોને મંજૂરી આપી છે. આમ, રાજ્યમાં પ્રથમ વખત ૭% એસસી, ૧૪% એસટી, ૨૭% ઓબીસી અને ૫૨% સામાન્ય વર્ગની બેઠકો મુજબ આ ચૂંટણી યોજાશે. ઓગસ્ટના મધ્ય કે અંતમાં જાહેરનામા પ્રસિદ્ધ થશે, એક મહિના માટે વાંધા અને સૂચનો મંગાવશે. સપ્ટેમ્બરના અંત સુધીમાં આ પ્રક્રિયાઓ પૂર્ણ થઈ જશે અને ડિસેમ્બર મહિનામાં રાજ્યની નગરપાલિકા, બે જિલ્લા અને ૧૭ તાલુકા, ૪૭૬૫ ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજાશે.

### ૩ ઓગસ્ટ ભારતીય અંગદાન દિવસ તરીકે ઉજવાય છે

# દેશમાં અંગદાનમાં અગ્રેસર બની રહ્યું છે ગુજરાત રાજ્ય

**ગુજરાત રાજ્યમાં છેલ્લા ૫ વર્ષમાં કુલ ૫૩૭ કેડેવર અંગદાનથી ૧૬૫૪ જરૂરિયાતમંદોને નવજીવન મળ્યું**

અમદાવાદ, તા.૩

૩ ઓગસ્ટ સમગ્ર દેશમાં ભારતીય અંગદાન દિવસ તરીકે ઉજવાય છે. લોકોમાં અંગદાન પ્રત્યેની જાગૃતિ કેળવાય અને વધુમાં વધું લોકો અંગદાન કરે તે ઉમદા ભાવ સાથે સમગ્ર દેશમાં આ દિવસની ઉજવણી થાય છે.

રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે ગુજરાતમાં અંગદાન અને ટ્રાન્સપ્લાન્ટની સ્થિતિ અંગે જણાવ્યું હતુ કે, ગુજરાત રાજ્ય અંગદાન ક્ષેત્રે અગ્રેસર બની રહ્યું છે. છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં ૫૩૭ બ્રેઈનડેડ વ્યક્તિઓના અંગોના દાન થકી કુલ ૧૬૫૪ અંગોનું દાન મળ્યું છે. જેને જરૂરિયાતમંદ દર્દીઓમાં પ્રત્યારોપણ કરીને નવજીવન બક્ષવામાં સફળતા મળી છે. જેમાં ૯૦૮ કિડની, ૪૬૮ લીવર, ૧૧૭ હૃદય, ૧૧૪ ફેફસા, ૧૪ સ્વાદુપિંડ, ૯ નાના આંતરડા અને ૨૪ હાથનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૯થી ૨૦૨૧ દરમિયાન રાજ્યમાં ૧૭૦ અંગદાન થયા હતા. કોરોનાકાળ બાદ રાજ્યમાં સર્વત્ર પ્રસરેલી અંગદાનની જનજાગૃતિના પરિણામે ૨૦૨૨ થી ૨૦૨૪ (જુલાઈ) એટલે કે ૨.૫ વર્ષમાં ૩૬૭ જેટલા અંગદાન થયા છે.

વર્ષ ૨૦૧૯ની સરખામણીમાં ગત વર્ષ ૨૦૨૩દ્વમાં અંગદાતાઓની સંખ્યામાં ૧૨૮% અને અંગોના દાનમાં ૧૭૬% નો વધારો જોવા મળ્યો છે. હાલ રાજ્ય સરકારના સઘન પ્રયાસોના પરિણામે રાજ્યમાં કુલ ૯૯ ઓર્ગન રીટ્રીવલ અને ૩૧ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર કાર્યરત થયા છે. જેના પરિણામે જ આજે જિલ્લા સ્તર સુધી અંગદાનની પ્રવૃતિને વેગ મળ્યો છે. દિલ્હી ખાતે દર વર્ષે ૩ જી ઓગસ્ટ ભારતીય અંગદાન દિવસના ઉપલક્ષ્યમાં NOTTO (નેશનલ ઓર્ગન ટીસ્યુ એન્ડ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગનાઈઝેશન) દ્વારા એક કાર્યક્રમનું આયોજન કરાય છે. જેમાં અંગદાન અને ટ્રાન્સપ્લાન્ટ ક્ષેત્રે સમગ્ર દેશમાં થતી વિવિધ પ્રવૃતિઓમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર લોકો અને સંસ્થાઓનું સન્માન કરાય છે. આ વર્ષે આજે ૩જી ઓગષ્ટે દિલ્હી ખાતે કુલ ૨૧ કેટેગરીમાં શ્રેષ્ઠ કામગીરી માટે બહુમાન થનાર છે. જેમાં ગુજરાતમાંથી અંગદાન ક્ષેત્રે સરાહનીય કામગીરી કરનાર પાંચ વ્યક્તિ અને સંસ્થાઓનું બહુમાન થશે. તદ્અનુસાર ''એક્સેમ્પ્લાઈનરી વર્ક ઈન ફીલ્ડ ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન'' માટે I.K.R.D.C.ના ડાયરેકટર ડૉ. પ્રાંજલ મોદી, શ્રેષ્ઠ રીટ્રાઈવલ હોસ્પિટલ માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ, શ્રેષ્ઠ બ્રેઈન સ્ટેમ ડેથ કમિટી માટે સુરત સિવિલ હોસ્પિટલ, બેસ્ટ કોર્ડિનેટર માટે સુરત સિવિલ હોસ્પિટલના ડૉ. કેતન નાયક અને બેસ્ટ સેવાભાવી સંસ્થા માટે ડોનેટ લાઈફ સંસ્થાનું બહુમાન કરાશે.

મંત્રીએ વધુમાં જણાવ્યું કે, સરકાર, સમાજ , સેવાભાવી સંસ્થા અને મીડિયાના સહિયારા પ્રયાસોથી અંગદાનની જનજાગૃતિ સર્વત્ર પ્રસરી છે. પરંતુ હજુ પણ લોકો અંગદાન માટે પ્રતિજ્ઞા લઈને કોઈ જરૂરિયાતમંદને નવજીવન આપવા સંકલ્પ બધ્ધ બને તે દિશામાં કાર્ય કરવું જોઈએ. હાલ રાજ્યમાં કિડની માટે ૧૮૬૫, લીવર ૩૪૪, હૃદય ૧૯, ફેફસા માટે ૨૭ અને સ્વાદુપિંડ માટે ૯ વેઈટીંગ છે. આ વેઈટીંગ ઘટાડવા અને નહિવત બનાવવા માટે આપણે સૌએ એકજૂટ બનીને પ્રયાસો કરવા પડશે.

# બાબરમાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના વરદ હસ્તે સિવિક સેન્ટરનો પ્રારંભ








તસ્વીરઃ પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા સહિત સમગ્ર રાજયમાં આજે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા નગરપાલિકામાં સીટી સિવિકનું ઈ–લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેનું વીડિયો વિજયુલ દરેક પાલિકામાં રાખવામાં આવ્યું હતું. બાબરામાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના વરદ હસ્તે સીટી સિવિક સેન્ટરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. નગરપાલિકા સંચાલિત આ જન સુવિધા કેન્દ્ર (સીટી સિવિક સેન્ટર)માં તમામ પાલિકાલક્ષી કામગીરી કરવામાં આવશે. શહેરના લોકોને જન સુવિધા કેન્દ્ર જેવી મળતા વધુ સેવાઓનો લાભ સરળતાથી મળી રહે છે.જિલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયાએ રાજય સરકારની વિકાસયાત્રાની વાતો કરી હતી. તેમજ ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ અધિકારીઓને વીકાસ કરવામાં આળસ નહિ કરવા ટકોર કરી હતી. તેમજ તેણે વધુમાં જણાવ્યું હતું કે, લાઠીવિધાનસભાના ધારાસભ્ય માત્ર લાઠી વિકાસ કરી રહ્યા છે અને બાબરા સાથે અન્યાય કરી રહ્યા છે. લાઠી સિવિલ હોસ્પિટલ રૂ. ૫૫ કરોડની મંજુર થઈ તે બાબરાની હતી. જે ધારાસભ્ય લાઠી લઈ ગયા અને આ બાબતે અમુક લોકો આવેદનપત્ર પણ આપવામાં હતા. ત્યાં સુધી માહિતી મળી હોવાનું ધારાસભ્ય દ્વારા જણાવ્યું હતું. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જાહેર મંચ ઉપરથી ખુલાસો કરતા જણાવ્યું હતું કે, બાબરા સિવિલ હોસ્પિટલ નવી બનાવવા માટે જમીન જોવા આવી રહી છે અને બાબરા કોલેજ પણ ૧૪ કરોડના ખર્ચે આગામી બજેટમાં મંજુર કરી બનાવવામાં આવશે.આમ લાઠી વિધાનસભા ના કોઈ શહેર કે ગામ પક્ષપાત રાખવામાં આવતો નથી. કોઈ સાબિત કરી આપે ધારાસભ્ય તરીકે રાજીનામુ આપી દેવાની તૈયારી દર્શાવી હતી. આ કાર્યક્રમમાં પ્રાદેશિક કમિશ્નર પાલિકા આર.એચ. સોલંકી, ધારાસભ્ય જનકભાઈ તલાવીયા, જિલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા, નગરપાલિકાપ્રમુખપ્રવીણભાઈ કરકર, ઉપ પ્રમુખ અંકુરભાઈ જસાણી, ચીફ ઓફિસર નિકુંજ વ્હોરા, લલિતભાઈ આંબલિયા, ભુપતભાઈ બસિયા, નીતિનભાઈ રાઠોડ, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, યુવા શહેર ભાજપ પ્રમુખ હરેશભાઈ આખજા, પ્રતાપભાઈ ખાચર, લલિતભાઈ વેકરિયા, અજિતભાઈ ખોખરીયા,બીપીનભાઈ રાદડિયા, ભુપતભાઈ બસિયા, અલતાફભાઈ નથવાણી, રસિકભાઈ ગોજારિયા સહિતના અગ્રણીઓ કાર્યકર્તાઓ અને નગરપાલિકા સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.




## નાયબ દંડક કૌશિક વેકરિયા અને સાંસદ ભરત સુતરીયાની ઉપસ્થિતિમાં

# વડિયા ખાતે યોજાયેલ લોકદરબારમાં અંધાધુંધીનો માહોલ સર્જાયો

**સમગ્ર તાલુકાની જનતાનાં પ્રશ્નોને દૂર કરવાનો શ્રેષ્ઠ પ્રયાસ પણ આયોજનનો અભાવ જોવા મળ્યો**

**અરજદારો કરતાં સરકારી કર્મચારીઓ, અધિકારીઓ અને પદાધિકારીઓ વધુ ઉમટી પડયા**

**જનતા જનાર્દન માટે હવા, પાણી, ચા કે નાસ્તા જેવી પ્રાથમિક સુવિધા પણ જોવા ન મળી**

**પ્રશ્ન કરતાં વિવિધ માંગણીઓનો ધોધ છુટતા ભારે આશ્ચર્ય ફેલાયુ**




તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ

કુંકાવાવ, તા. ૩

વડિયા ખાતે આજે લોક દરબારનું આયોજન ધારાસભ્ય અને સાંસદ ધ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં સરકાર આપણે દ્વારનાં સુત્રને સાર્થક કરવા માટે લોકોની સમસ્યા તેમજ પડતર પ્રશ્નોનો અધિકારીની રૂબરૂમાં નિકાલ આવે તેવા ઉમદા આસય સાથે વડિયા મામલતદાર કચેરીનાં ઉપરનાં માળે લોબીમાં કરવામાં આવ્યું હતું. પણ આ જગ્યામાં ગ્રામસભા યોજી સરકારી તાલુકા કક્ષાનો લોકદરબાર યોજી શકાય નહી તેટલી જગ્યામાં આવા આયોજનથી અધિકારીઓ, આગેવાનો, અરજદારો સૌ કોઈ ખીચોખોચ ગીર્દીથી અકળાઈ ઉઠયા હતા અને કોણ બોલે, કોણ સાંભળે તેવો ઘાટ સર્જાયો હતો. જયારે

અનુસંધાન પાના ૬ ઉપર

### શિકાર કરવા ગયો ને શિકાર થઈ ગયો

## ખાંભાનાં ઉમરીયાબીટમાં ટ્રાન્સફોર્મર ઉપર વીજ શોક લાગતાં દીપડાનું મોત

**ખેડૂત દ્વારા વનવિભાગને જાણ કરવામાં આવી**

ખાંભા, તા. ૩

ખાંભા–તુલસીશ્યામ રેન્જના પીપળવા રાઉન્ડના ખાંભા રેવન્યુ બીટમાં આવતા ખાંભા ઉમરીયા ગામની સીમ વિસ્તારમાં ખેડૂત ભરતભાઈ ઘોહાભાઈ ભુવાની વાડીમાં મોડી રાત્રીના નાનુડી ફીડર નીચે આવતા પીજીવીસીએલ ચાલુના ટ્રાન્સપોર્ટ પર શિકાર અર્થે એક દીપડો ચડી જતા જ વીજ કરંટ લાગતા મોત નિપજયું હતું. આ ઘટનાની જાણ ખેડૂતને થતા ખેડૂત દ્વારા વનવિભાગને જાણ કરતા વનવિભાગના આર.એફ.ઓ. રાજલ પાઠક સહિત



તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યો અને આગળની કાર્યવાહી હાથ ધરી.

### ગીર વિસ્તારમાં અવિરત વરસાદ પડતા પાણીની ભરપુર આવક

## ભૈ વાહ : અમરેલી જીલ્લામાં સૌથી વધુ ઊંચાઈ ધરાવતો ખોડિયાર જળાશય ૮૦ ટકા સુધી પાણીથી ભરાઈ ગયો

**આંબરડી, ભરડ, પાદરગઢ, હાલરીયા સહિતના ગામોને સાવચેત રહેવા જણાવાયું**



અમરેલી, તા. ૩

અમરેલી જીલ્લાના સૌથી મોટા જળાશય ધારી નજીક આવેલ ખોડિયાર ડેમના ઉપરવાસના ગીરના જંગલોમાં સતત વરસાદથી ખોડિયાર ડેમમાં પાણીની સતત આવક રહેતી હોવાના કારણે ધારીનો ખોડીયાર ડેમ આજે સવારે કુલ ૮૦% જેટલો ભરાયો હોવાના ખોડીયાર ડેમના નીચેના વિસ્તારમાં આવેલ ૪૦ જેટલા ગામોને એલર્ટ કરાયા છે.

ધારી તથા ગીર વિસ્તારમાં સતત વરસોદ પડતો હોય જેને અમરેલી જીલ્લાના સૌથી મોટા જળાશય ધારી નજીક આવેલ શેત્રુંજી નદી ઉપર બનાવાયેલા ખોડિયાર ડેમના ઉપરવાસના ગીરના જંગલોમાં સતત વરસાદથી ખોડીયાર ડેમમાં પાણીની સતત આવક રહેતી હોવાના કારણે ધારીનો આજે સવારે કુલ ૮૦% જેટલો

અનુસંધાન પાના ૬ ઉપર




૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
63,250/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૦૩/૦૮/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬







*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELL.(Gujarat)